Wednesday
04.02.2026
*Volume :10 * Issue No.207
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્

# કમલમ્

KAMALAM ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

RNI No.:GUJGUJ/2016/73451

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# ગ્રામીણ સ્તરે વધુ પારદર્શિતા, ગુણવત્તા અને જવાબદારી સાથે વિકસિત ભારત માટે વિકસિત ગ્રામનું કર્તવ્ય નિભાવવા મુખ્યમંત્રીશ્રીનું સરપંચોને આહ્વાન

## ગણેશ વાસુદેવ માવળંકર સંસદિય અભ્યાસ અને તાલીમ બ્યૂરોના ઉપક્રમે ગુજરાત વિધાનસભા સચિવાલયમાં અદયક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ગ્રામ શક્તિ તાલીમ કાર્યક્રમનો પ્રારંભ

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામ પંચાયતોના સરપંચોને ગ્રામીણ સ્તરે વધુ પારદર્શિતા, ગુણવત્તા અને જવાબદારી સાથે વિકસિત ભારત માટે વિકસિત ગ્રામનું કર્તવ્ય નિભાવવા આહવાન કર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ક્હ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આ વર્ષનું કેન્દ્ર સરકારનું બજેટ પણ કર્તવ્યને મુખ્ય આધાર લઈને બનાવવામાં આવ્યું છે એટલું જ નહિ, આ બજેટમાં ગ્રામ વિકાસ પર વિશેષ ઝોક આપવામાં આવ્યો છે. આ સંદર્ભમાં તેમણે દેશના વિકાસમાં ગામડાઓની ભૂમિકા મહત્વપૂર્ણ છે તેમ જણાવતા સરપંચોને પણ ગામના વડા તરીકેનું કર્તવ્ય જવાબદારી પૂર્વક અદા કરીને વિકસિત ભારતના નિર્માણમાં સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી જનશક્તિને જોડવાનું પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત વિધાનસભા ખાતે ગણેશ વાસુદેવ માવળંકર સંસદિય અભ્યાસ અને તાલીમ બ્યૂરોના ઉપક્રમે 'ગ્રામ શક્તિ તાલીમ કાર્યક્રમનો વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી અને મંત્રીશ્રીઓ શ્રી ઋષિકેશ ભાઈ પટેલ તથા કુંવરજીભાઈ બાવળીયાની ઉપસ્થિતિમાં પ્રારંભ કરાવ્યો હતો. આ તાલીમ કાર્યક્રમમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, વાવ-થરાદ, મહેસાણા, પાટણ, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના વિવિધ તાલુકાઓના ૨૬૦ થી વધુ સરપંચો શ્રીઓ સહભાગી થયા હતા. ગામડાઓને ભારતનો આત્મા કહેવામાં આવ્યા છે તેની વિભાવના સ્પષ્ટ કરતા મુખ્યમંત્રીશ્રીએ ક્હ્યુ કે, ગામના બધા જ લોકો એક સાથે વિકાસ કામોમાં જોડાય તો ગામનો વિકાસ દિપી ઉઠે. સરપંચ તરીકે મળેલી સેવાની તકને પોતાની ધગશ અને ગામના વિકાસ માટે કંઈક વધુ સારૂ કરવાની ખેવનાથી વિકાસ કામોની આયોજનબદ્ધ રીતે યાદી બનાવીને વડાપ્રધાનશ્રીએ આપેલા સેચ્યુરેશન એપ્રોચથી ૧૦૦ ટકા લક્ષ્યાંક સાથે ગ્રાન્ટનો ઉપયોગ થાય તેની પ્રેરણા આપતા મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, સરપંચોની પ્રાથમિક જવાબદારી ગામના છેવાડાના માનવી સુધી સરકારી સુવિધાઓ અને યોજનાઓનો લાભ પહોંચાડવાની છે. જ્યારે ગામડાંનો વિકાસ થશે, ત્યારે જ દેશનો સાચો વિકાસ થશે. મુખ્યમંત્રીશ્રીએ ગામના જાહેરહિતના કામોની ગુણવત્તા સાથે કોઈ પણ બાંધછોડ ચલાવી લેવામાં આવશે નહીં તેમ જણાવતાં ઉમેર્યુ કે, ગામના વિકાસના કામો અને ભવિષ્યના આયોજનમાં વધુ યુવાનોને જોડીને ટેક્નોલોજીના ઉપયોગથી નાગરીકો સુધી સેવા-સુવિધાઓ પહોંચાડવાનું દાયિત્વ સરપંચોના શિરે છે. કોઈપણ મુશ્કેલીના સમયે સરકાર હંમેશા તેમની પડખે છે તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ સરપંચોને ચિંતામુક્ત થઈ નિષ્ઠાપૂર્વક પ્રજાની સેવાના કાર્યો દ્વારા સૌને સાથે લઈને વિકસિત ગ્રામથી વિકસિત ગુજરાત અને વિકસિત ગુજરાતથી વિકસિત ભારત બનાવવાની નેમ વ્યક્ત કરી હતી.

ગુજરાત વિધાનસભા અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીએ 'ગ્રામ શક્તિ તાલીમ કાર્યક્રમ'માં





ઉપસ્થિત રાજ્યના કર્મઠ સરપંચોને સંબોધતા જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલો 'ગ્રામ સચિવાલય'નો મંત્ર ગામડાઓના વિકાસને નવી દિશા આપનારો છે. આ મંત્રને ગ્રામીણ સ્તરે સાકાર કરવાની અને ગામડાઓને આત્મનિર્ભર બનાવવાની મુખ્ય જવાબદારી આપ સૌ સરપંચોની છે. અધ્યક્ષશ્રીએ મુખ્યમંત્રીશ્રીના સફળ નેતૃત્વ વિશે જણાવ્યું કે, મુખ્યમંત્રીશ્રીની પરિકલ્પનાથી જ આજનો તાલીમ કાર્યક્રમ સાકાર થયો છે. રાજ્યના શહેરો જેવી આધુનિક સુવિધાઓ ગામના નાગરીકો સુધી પહોંચાડવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. સરપંચોને પ્રેરણા આપતા અધ્યક્ષશ્રીએ ઉમેર્યું હતું કે, વિકાસ માત્ર ઈંટો અને સિમેન્ટના બાંધકામથી નથી આવતો, તે 'સંવાદ'થી આવે છે. ઘણીવાર ગ્રામ પંચાયત અને ગ્રામસભા વચ્ચે સંવાદના અભાવે ઘર્ષણ થતું હોય છે. જો ગામના નાનામાં નાના કામમાં ગ્રામજનોને વિશ્વાસમાં લેવામાં આવે અને તેમની સાથે સંવાદ વધારવામાં આવે, તો સંઘર્ષ આપોઆપ ઘટશે અને લોકભાગીદારીથી ગામનો સાચો વિકાસ થશે. પંચાયતી રાજના મહત્વ પર ભાર મૂકતા તેમણે કહ્યું કે, પંચાયત અધિનિયમમાં દર્શાવેલા હક અને ફરજોને સમજીને ગામના સર્વાંગી વિકાસ માટે કામ કરવું એ જ સાચી લોકસેવા છે. લોકશાહી પ્રણાલીમાં પંચાયતથી લઈ પાર્લામેન્ટ સુધી વૈચારિક મતભેદો હોવા સ્વાભાવિક છે, પરંતુ ગામ હિતને સર્વોપરી રાખીને વિરોધ પક્ષની સારી બાબતોને પણ સંવાદ દ્વારા સ્વીકારવી જોઈએ. પંચાયત એ લોકશાહીનો પાયો છે. જો આ પાયો મજબૂત હશે તો જ વડાપ્રધાનશ્રીનું 'વિકસિત ભારત'નું સપનું સાકાર થશે. સૌ સરપંચોને ગામડાંઓને આત્મનિર્ભર અને આધુનિક બનાવી 'વિકસિત ગુજરાત' થકી 'વિકસિત ભારત'ના નિર્માણમાં સહભાગી બનવા અધ્યક્ષશ્રીએ આહ્વાન કર્યું હતું.

આ પ્રસંગે પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગામડાના નાગરિકોને શહેરની કલ્પના સાથે જોડવા તેમજ શહેર જેવી સુવિધાઓ ગામમાં આપી એક 'આદર્શ' ગામ બનાવવાનું ભગીરથ કાર્ય આપ સૌ સરપંચોએ કરવાનું છે. આપણા શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ભારતના વડાપ્રધાન બન્યા ત્યારે તેમણે ગામ વિકાસના હિતમાં ૭૦ ટકા નાણા પંચની ગ્રાન્ટ વાપરવાનો અધિકાર સરપંચને આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. જેથી સરપંચ અને ગામજનો સાથે મળીને વિલેજ ડેવલપમેન્ટ પ્લાન બનાવી શહેરોની સમકક્ષ ગામડાઓમાં સુવિધાઓ આપી શકે. ગામના સરપંચ ગામના નાગરિકો સાથે મળીને નક્કી કરી શકે, ગામમાં ક્યાં રસ્તા બનાવવાના છે, ક્યાં પાણીની સગવડ આપવાની બાકી છે, ક્યાં લાઈટ, ક્યાં ગટરની સગવડ બાકી છે તે તમામ સુવિધાઓ ગામના હિતોને ધ્યાનમાં રાખીને સરપંચ આપી શકે છે. વધુમાં શ્રી ઋષિકેશ પટેલે ઉમેર્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં આજે ગુજરાતના તમામ ગામોને ઓછામાં ઓછા બે માર્ગથી 'મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના' અંતર્ગત જોડવામાં આવ્યા છે. આજે યોજાનાર ગ્રામ શક્તિ તાલીમ કાર્યક્રમ અંતર્ગત આપ સૌને ગામના વહીવટી શિક્ષણ વિશે માર્ગદર્શન આપવામાં આવશે. ગામમાં સરપંચનું પદ એ મુખ્ય હોય છે, તેથી આપ સૌ સરપંચોને વિનંતી છે કે, રાજ્ય સરકારની જુદી-જુદી યોજનાઓનો લાભ ગામના વૃદ્ધો-વિધવા મહિલાઓ, ગામના જે નાગરિકોને સરકારી સહાય લેવાની બાકી હોય તેવા નાગરિકોને સેવાનો લાભ અપાવવાની જવાબદારી આપ સૌ સરપંચોની છે.



ઉત્તર ગુજરાતના ૭ જિલ્લાઓના વિવિધ તાલુકાઓના ૨૬૦થી વધુ ગામોના સરપંચો સહભાગી થયા

આ પ્રસંગે ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયા એ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારના નિર્ણયોના પરિણામે ગામડાઓમાં શહેર સમકક્ષ સુવિધાઓ મળી રહી છે. ગામડાઓના વિકાસ માટે કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાનો લાભ ગામના દરેક વ્યક્તિ સુધી પહોંચાડવા માટે સીધા પૈસા ગ્રામ પંચાયતના ખાતામાં આપવામાં આવે છે. આ પૈસાનો યોગ્ય દિશામાં ઉપયોગ કરવાથી ગામને ગોકુળીયું ગામ વિકસિત ગામ બનાવી શકાશે.

મંત્રીશ્રીએ મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, અત્યાર સુધીમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત રૂ. ૧.૨૦ લાખ મળતા હતા, એમાં મુખ્યમંત્રીશ્રીએ રૂ.૫૦ હજારનો વધારો કર્યો છે એટલે કે આગામી દિવસોમાં ગામના નાગરિકોને પોતાનું ઘર બનાવવાં માટે રૂ. ૧.૭૦ લાખ સુધીની સહાય મળશે. આ ઉપરાંત નાગરિકોને મનરેગા યોજનામાંથી શૌચાલયની સુવિધા માટે રૂ. ૫ હજારની સહાય આપવામાં આવે છે. આમ ગામના દરેક નાગરિકને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઘરનું ઘર મળે તેમજ લોકઉપયોગી યોજનાઓનો લાભ ગામના નાગરિક સુધી પહોંચાડવા સરપંચશ્રીને મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો.

વિધાનસભા સચિવ શ્રી ચેતન પંડ્યાએ સ્વાગત પ્રવચન કરી કાર્યક્રમની રૂપરેખા આપી હતી. જ્યારે વિધાનસભાના મુખ્ય દંડક શ્રી બાલકૃષ્ણ શુક્લએ આભારવિધી કરી હતી. આ તાલીમ કાર્યક્રમ દરમિયાન સરપંચોને સંસદીય લોકતંત્રમાં પંચાયતની ભૂમિકા, જી-રામજી (G-RAMJI) ગ્રામવિકાસ યોજના, પંચાયત હિસાબી નિયમો અને ગ્રામસભામાં સરપંચના અધિકારો અને ફરજો જેવા વિષયો પર નિષ્ણાતો દ્વારા વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ પ્રસંગે વિકાસ કમિશનર શ્રી હિતેશ કોયા, વિધાનસભાના સંયુક્ત સચિવ શ્રી રીટા મહેતા, નાયબ વિકાસ અધિકારીશ્રીઓ તેમજ સરપંચશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત સરકાર

રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ મળવાપાત્ર વિતરણના જથ્થાની જાણકારી.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત ફેબ્રુઆરી - ૨૦૨૬ માસના વિનામૂલ્યે અનાજ વિતરણની જાણકારી

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો | જિલ્લા |
|---|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. | તમામ જિલ્લાઓ માટે |
| ૨ | (AAY) | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. | |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. | |
| ૪ | (PHH) | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. | |

ફેબ્રુઆરી-૨૦૨૬ માસમાં રાજ્ય સરકાર દ્વારા તુવેર દાળ, ચણા, ખાંડ, અને મીઠાના રાહતદરે વિતરણ અંગેની જાણકારી.

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિ.ગ્રા./ લિટર |
|---|---|---|---|---|
| ૧ | તુવેર દાળ | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૫૦ |
| ૨ | ચણા | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૩૦ |
| ૩ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹૧૫ |
| | | | ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | |
| | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ₹૨૨ |
| ૪ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ₹ ૧ |


શ્રી હર્ષ સંઘવી,

આપના રાશન કાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઈલ એપ્લિકેશન Google Play Store પરથી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી રમણભાઈ સોલંકી

# વિશ્વ કેન્સર દિવસ: GCRI બની દેશનું વિશ્વસનીય કેન્સર સારવાર કેન્દ્ર, ૨૬,૮૧૦થી વધુ દર્દીઓને નવજીવન મળ્યું, ૯૧૪૦થી વધુ અન્ય રાજ્યોના દર્દીઓએ મેળવી સારવાર





કમલમ્, ગાંધીનગર

અમદાવાદ સ્થિત ગુજરાત કેન્સર એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI)એ ફરી એકવાર સાબિત કર્યું છે કે, તે ફક્ત ગુજરાત જ નહીં, પરંતુ સમગ્ર દેશ માટે કેન્સરની સારવાર, સંશોધન, અટકાયત અને પ્રારંભિક ઓળખ માટેનું મુખ્ય રાષ્ટ્રીય કેન્દ્ર બની ચૂકી છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતના આરોગ્ય માળખાને સુદૃઢ બનાવવા માટે ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ GCRIના મજબૂતીકરણ અને વિસ્તરણનો પાયો નાખ્યો હતો. તે જ દિશામાં આગળ વધતાં, આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં GCRI રાષ્ટ્રીય સ્તરે કેન્સરની સારવાર માટે એક વિશ્વસનીય કેન્દ્ર તરીકે ઉભરી આવી છે. વિશ્વ કેન્સર દિવસ ૨૦૨૬ના સંદર્ભમાં જાહેર થયેલા આંકડાઓ મુજબ, વર્ષ ૨૦૨૫માં સ્ઝઈમાં ૨૬,૮૧૦થી વધુ નવા કેન્સરના દર્દીઓનું રજિસ્ટ્રેશન થયું, જેમાંથી ૯૧૪૭ દર્દીઓ ગુજરાત બહારના રાજ્યોમાંથી આવ્યા હતા. તેમાં સૌથી વધુ દર્દીઓ મધ્યપ્રદેશ (૪,૫૭૨), રાજસ્થાન (૨૬૭૮), ઉત્તરપ્રદેશ (૧૦૯૪), મહારાષ્ટ્ર (૨૭૯) અને બિહાર (૨૮૮)ના હતા. આ આંકડાઓ દર્શાવે છે કે, GCRI હવે એક સશક્ત નેશનલ રેફરલ સેન્ટર તરીકે સ્થાપિત થઈ ચૂકી છે, જ્યાં દેશના લગભગ તમામ રાજ્યોમાંથી કેન્સરના દર્દીઓ સારવાર માટે પહોંચી રહ્યા છે.

**રોબોટિક સર્જરી અને HIPEC મારફતે GCRIનું સર્જિકલ ઓન્કોલોજીમાં ક્રાંતિકારી પગલું**

અત્યાધુનિક ટેક્નોલોજી દ્વારા કેન્સરની સારવાર ઉપલબ્ધ કરાવવામાં ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (GCRI)એ નવો માપદંડ સ્થાપિત કરી દીધો છે. અહીંયા હવે ૫૦ રોબોટિક આસિસ્ટેડ કેન્સર સર્જરીઝ અને HIPEC (હાઈપરથર્મિક ઈન્ટ્રાપેરિટોનિયલ કીમોથેરાપી) જેવી અત્યાધુનિક સારવારની સુવિધાઓ પણ ઉપલબ્ધ થઈ ગઈ છે. ફક્ત ૬ મહિનામાં જ GCRIમાં રેકોર્ડ ૫૦ રોબોટિક આસિસ્ટેડ કેન્સર સર્જરીઓ થઈ છે, તેમજ ગત ૩ વર્ષોમાં કેન્સર સંબંધિત 40 HIPEC પ્રોસીજર્સ પણ સફળતાપૂર્વક કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, HIPEC એક એવી જટિલ પ્રક્રિયા છે, જે પેટની અંદર ફેલાયેલા કેન્સર માટે ઉપયોગી છે, અને હવે આ ટેક્નોલોજી દર્દીઓ માટે GCRIમાં ઉપલબ્ધ છે. આ જ રીતે PET-CT સ્કેન (Positron Emission Tomography - Computed Tomography) પણ કેન્સરની તપાસ અને સારવારમાં ઉપયોગમાં લેવામાં આવતી સૌથી અદ્યતન અને સચોટ તકનીકોમાંની એક છે. સરળ ભાષામાં કહીએ તો, આ બે અલગ-અલગ પ્રકારની તપાસ (PET અને CT) નું એક હાઈબ્રિડ સંયોજન છે, જે શરીરની અંદરની બાબતો વિશે ખૂબ જ વિગતવાર માહિતી આપે છે. GCRIમાં PET-CT તપાસની સંખ્યા પણ વર્ષ ૨૦૨૧માં ૧૮૧૩થી વધીને વર્ષ ૨૦૨૫માં ૬૩૩૩ થઈ ગઈ છે.

**વર્ષ ૨૦૨૫માં GCRIમાં ૨.૫૯ લાખથી વધુ OPD વિઝિટ્સ, ૧૭,૮૦૦થી વધુ સર્જરીઓ અને ૫૦,૧૩૦થી વધુ કીમોથેરાપીઓ સંપન્ન**

કેન્સરની સારવામાં GCRIની વધતી જતી વિશ્વસનીયતાને કારણે વર્ષ ૨૦૨૫માં ૨.૫૯ લાખથી વધુ OPD વિઝિટ્સ નોંધવામાં આવી. આ જ સમયગાળામાં ૫૦ બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ સહિત ૧૭,૮૦૦થી વધુ સર્જરીઓ કરવામાં આવી છે. ઉપરાંત, આ જ વર્ષે કેન્સરની સારવાર માટે ૫૦,૧૩૦થી વધુ કીમોથેરાપીઓ, ૫૮૫૨ રેડિયેશન ટ્રીટમેન્ટ્સ અને ૨૪.૬ લાખથી વધુ લેબોરેટરી તપાસ પણ કરવામાં આવી છે. વધુમાં, કેન્સરની અટકાયત અને પ્રારંભિક ઓળખને સર્વોચ્ચ પ્રાથમિકતા આપીને GCRIએ ૨૦૨૫માં સમગ્ર ગુજરાતમાં ૧૧૦ સામુદાયિક સ્ક્રીનિંગ કેમ્પ્સ આયોજિત કર્યા, જેમાં ૧૨,૦૦૦થી વધુ લોકો સામેલ થયા. ઓક્ટોબર ૨૦૨૧થી શરૂ થયેલ 'નો-કોસ્ટ કેન્સર સ્ક્રીનિંગ OPD'માં અત્યારસુધીમાં ૫૦,૦૦૦થી વધુ લોકોનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે, જેમાંથી ૧૧૮ કેન્સરના મામલાઓની ઓળખ પ્રારંભિક તબક્કામાં કરવામાં આવી છે. આ જ રીતે, HIV સંક્રમિત મહિલાઓ(PLHA) માટે આયોજિત કરવામાં આવેલા HPV DNA સ્ક્રીનિંગ કાર્યક્રમમાં પણ ૧૪૦૦થી વધુ મહિલાઓની તપાસ કરવામાં આવી, જેમાંથી ૨૧ ટકા મહિલાઓ HPV પોઝિટિવ હતી અને આગળની તપાસમાં ૫૭ સર્વિક્સ કાર્સિનોમા ઈન-સિટુ (CIN)ના મામલાઓ સામે આવ્યા, જેના કારણે સમયસર સારવાર શક્ય બની.

**વિશ્વ કેન્સર દિવસ પર GCRI કરશે ૫૦૦ કેન્સર સર્વાઇવરોનું સન્માન**

વિશ્વ કેન્સર દિવસ ૨૦૨૬ નિમિત્તે ૪ ફેબ્રુઆરીના રોજ GCRIમાં ૧૦ વર્ષથી વધુ સમયથી કેન્સર-મુક્ત રહેનારા ૫૦૦ સર્વાઈવરો માટે વિશેષ સન્માન સમારોહ આયોજિત કરવામાં આવશે, જે સમાજને એક મજબૂત સંદેશ આપશે કે સમયસર અને યોગ્ય સારવાર થકી કેન્સર જેવા રોગ પર વિજય મેળવવો સંભવ છે.

## તંત્રી સ્થાનેથી......

પ્રધાનમંત્રી રોજગાર સર્જન કાર્યક્રમ (PMEGP) એ એક કેન્દ્રીય ક્ષેત્રની યોજના છે જે સંભવિત લાભાર્થીઓને મુખ્યત્વે નાના પ્રોજેક્ટ ખર્ચ સાથે નવા સૂક્ષ્મ-સાહસો સ્થાપવામાં મદદ કરે છે, જે નાની લોન દ્વારા સુવિધાજનક બનાવવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૦–૨૧ થી નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ સુધીના છેલ્લા પાંચ વર્ષના સમયગાળા દરમિયાન, ઉત્પાદન ક્ષેત્ર હેઠળના આશરે ૬૩% એકમો અને સેવા ક્ષેત્ર હેઠળના ૯૩% એકમો કે જેઓ રુ. ૧૦ લાખ સુધીનો પ્રોજેક્ટ ખર્ચ ધરાવે છે, તેમને સહાય કરવામાં આવી છે. વધુમાં, PMEGP હેઠળ નાના પ્રોજેક્ટ્સ માટે ક્રેડિટ (ધિરાણ) અને સબસિડીની પહોંચને સરળ બનાવવા માટે નીચેના પગલાં લેવામાં આવ્યા છે:

રુ. ૧૦ લાખ થી નીચેના નાના પ્રોજેક્ટ ખર્ચ ધરાવતા લાભાર્થીઓની અરજીઓને અગ્રતા આપવામાં આવી રહી છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) ની માર્ગદર્શિકા મુજબ, રુ. ૧૦ લાખ સુધીની લોન ધરાવતા પ્રોજેક્ટ્સ માટે બેંકો દ્વારા કોઈ કોલેટરલ સિક્યોરિટી (તારણ) માટે આગ્રહ રાખવો જોઈએ નહીં. આ જોગવાઈનું ચુસ્તપણે પાલન કરવા માટે મંત્રાલય દ્વારા તમામ મોટી બેંકોને ફરીથી ભાર મૂકવામાં આવ્યો છે. ઉત્પાદન ક્ષેત્રમાં રુ. ૧૦ લાખ સુધીના અને સેવા ક્ષેત્રમાં રુ. ૫ લાખ સુધીના ખર્ચના પ્રોજેક્ટ્સ સ્થાપવા માટે કોઈ શૈક્ષણિક લાયકાતની જરૂર નથી. MSME મંત્રાલય એક સંકલિત 'ક્રિએશન એન્ડ હાર્મોનિયસ એપ્લિકેશન ઓફ મોડર્ન પ્રોસેસિસ ફોર ઈક્રીઝિંગ ધ આઉટપુટ એન્ડ નેશનલ સ્ટ્રેન્થ' (CHAMPIONS) પોર્ટલ ચલાવી રહ્યું છે, જેનો ઉદ્દેશ્ય PMEGP સહિત મંત્રાલયની યોજનાઓ સંબંધિત ફરિયાદોનું ઝડપી, અનુકૂળ અને અસરકારક નિવારણ કરવાનો છે. આ પોર્ટલ MSMEs ને વિવિધ સરકારી યોજનાઓ/નીતિઓના નેવિગેશનમાં હેન્ડહોલ્ડિંગ અને મદદ કરવા, માર્ગદર્શન અને સલાહકાર સેવાઓ પૂરી પાડવા અને MSMEs ને મંત્રાલય, રાજ્ય સરકારો, ધિરાણ સંસ્થાઓ અને સરકારી એજન્સીઓના મુખ્ય અધિકારીઓ સાથે જોડવાનું કામ કરે છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI) એ બેંક એડવાન્સિસ પરના વ્યાજ દરોને ડિરેગ્યુલેટ (નિયંત્રણમુક્ત) કર્યા છે. તેથી, PMEGP લોન માટેના વ્યાજ દરો RBI દ્વારા નિર્ધારિત નિયમનકારી માળખામાં વ્યક્તિગત બેંકોની તેમની વ્યક્તિગત ક્રેડિટ અને અન્ડરરાઈટિંગ નીતિઓ સાથે જોડાયેલા હોય છે. જો કે, RBI એ તમામ નિયમનકારી સંસ્થાઓને લોનની શરતોમાં પારદર્શિતા, નિષ્પક્ષતા અને પર્યાપ્ત જાહેરાત સુનિશ્ચિત કરવા નિર્દેશો જારી કર્યા છે, જેથી PMEGP લાભાર્થીઓ માહિતગાર નિર્ણયો લઈ શકે અને મનસ્વી વ્યાજની વસૂલાત અટકાવી શકાય. RBI એ PMEGP હેઠળના પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં અગ્રતા આપવા માટે બેંકોને જરૂરી માર્ગદર્શિકા પણ જારી કરી છે.

# રાજ્યમંત્રી શ્રીમતી મનીષાબેન વકીલે વડોદરા આંતરરાષ્ટ્રીય મેરેથોનની ૧૩મી આવૃત્તિનું ફ્લેગ-ઓફ કરાવી પ્રસ્થાન કરાવ્યું

## 'નશામુક્ત ભારત અભિયાન' અંતર્ગત હજારો વડોદરાવાસીઓએ દોડીને સામાજિક જાગૃતિનો સંદેશ પાઠવ્યો



કમલમ્, વડોદરા

રાજ્યમંત્રી શ્રીમતી મનીષાબેન વકીલે વહેલી સવારે વડોદરા શહેરના નવલખી ગ્રાઉન્ડ ખાતેથી ફ્લેગ-ઓફ આપીને વડોદરા આંતરરાષ્ટ્રીય મેરેથોનની ૧૩મી આવૃત્તિનું પ્રસ્થાન કરાવ્યું હતું. 'નશામુક્ત ભારત અભિયાન' અંતર્ગત યોજાયેલી આ દોડમાં શહેરના હજારો દોડવીરો અને વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ ઉત્સાહભેર જોડાયા હતા. મેરેથોનના પ્રારંભ પૂર્વે શહેર પોલીસ કમિશનર શ્રી નરસિમ્હા કોમારે ઉપસ્થિત હજારો દોડવીરોને 'નશામુક્ત ભારત'ના સંકલ્પ સાથે જોડાવા અને વડોદરાને નશામુક્ત બનાવી એક સભ્ય અને સ્વસ્થ સમાજ નિર્માણ કરવા માટેના શપથ લેવડાવ્યા હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ વિવિધ કેટેગરીમાં દોડનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૪૨ કિ.મી. (ફૂલ મેરેથોન), ૨૧ કિ.મી. (હાફ મેરેથોન), ૧૦ કિ.મી. દોડ અને ૫.૬૫ કિ.મી. ટાઈમ્ડ રન, હેરિટેજ-ફન રન અને ગજરા રન, દિવ્યાંગ પેરાલિમ્પિક રન કેટેગરીનો સમાવેશ થાય છે. આ દોડમાં દેશ-વિદેશના વ્યાવસાયિક દોડવીરોની સાથે વડોદરાની શૈક્ષણિક, ધાર્મિક અને સામાજિક સંસ્થાઓના સભ્યો, શાળાના બાળકો અને દિવ્યાંગોએ મોટી સંખ્યામાં ભાગ લઈ ખેલદિલીનું પ્રદર્શન કર્યું હતું. વડોદરાના રાજવી પરિવારના શ્રીમતી રાધિકારાજે ગાયકવાડે પણ 'ગજરા રન'માં સહભાગી થઈ દોડવીરોનો ઉત્સાહ વધાર્યો હતો. 'નશામુક્ત ભારત અભિયાન' અંતર્ગત વડોદરા આંતરરાષ્ટ્રીય મેરેથોનના સફળ આયોજન બદલ વડોદરા શહેર પોલીસને 'વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ' દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. રાજ્યમંત્રી શ્રીમતી મનીષાબેન વકીલ અને પોલીસ કમિશનર શ્રી નરસિમ્હા કોમારે અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં આ સન્માન સ્વીકાર્યું હતું. આ પ્રસંગે મુખ્ય દંડક શ્રી બાળકૃષ્ણ શુક્લ, મેયર શ્રીમતી પિંકીબેન સોની, ધારાસભ્ય સવશ્રી કેયુર રોકડીયા, ચૈતન્ય દેસાઈ અને કેતનભાઈ ઈનામદાર અને અગ્રણી ડો. જયપ્રકાશ સોની વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત મ્યુનિસિપલ કમિશનર શ્રી અરૂણ મહેશબાબુ, કલેક્ટર શ્રી અનિલ ધામેલિયા, તેમજ વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશનના સ્થાપક પૂ.પા.ગો. ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી અને ઈસ્કોન મંદિરના ઉપાધ્યક્ષ નિત્યાનંદજી સહિતના સાધુ-સંતોએ ઉપસ્થિત રહી દોડવીરોને પ્રોત્સાહિત કર્યા હતા.

# નેશનલ હાઈવે મેનેજમેન્ટ માટે ડિજિટલ સુરક્ષા મજબૂત કરવા NHAI એ NFSU સાથે MoU કર્યા

## આ સહયોગ નેશનલ હાઈવે ઓપરેશન અને ડિજિટલ પ્લેટફોર્મમાં સાયબર સિક્યોરિટી ફ્રેમવર્ક અને ફોરેન્સિક વિશ્વસનીયતાને મજબૂત કરશે



કમલમ્,

ડિજિટલ સુરક્ષા અને ડેટા સુરક્ષાને મજબૂત કરવા માટે, NHAI દ્વારા પ્રમોટ કરાયેલ કંપની ઈન્ડિયન હાઈવે મેનેજમેન્ટ કંપની લિમિટેડ (IHMCL) એ ગાંધીનગર, ગુજરાતમાં મુખ્ય મથક ધરાવતી ભારત સરકારની રાષ્ટ્રીય મહત્વની સંસ્થા, નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી (NFSU) સાથે સંશોધન, તાલીમ અને કન્સલ્ટન્સી, ખાસ કરીને સાયબર ફોરેન્સિક્સ, ડિજિટલ પુરાવાની અખંડિતતા અને નેશનલ હાઈવે મેનેજમેન્ટને લગતી અદ્યતન તકનીકી એપ્લિકેશન્સના ક્ષેત્રોમાં સહયોગ વધારવા માટે સમજૂતી પત્ર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. NHAI ના ચેરમેન શ્રી સંતોષ કુમાર યાદવ; IHMCL ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી વિશાલ ચૌહાણ અને NHAI, IHMCL અને NFSU ના અન્ય વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં IHMCL ના ચીફ ઓપરેટિંગ ઓફિસર શ્રી એ. આર. ચિત્રાંશી અને NFSU ગાંધીનગરના કેમ્પસ ડાયરેક્ટર ડૉ. એસ. ઓ. જુનારે દ્વારા MoU પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

MoU નો ઉદ્દેશ્ય જ્ઞાન સર્જન, ટેકનોલોજીકલ સ્થિતિસ્થાપકતા અને સંસ્થાકીય ક્ષમતા નિર્માણને વધારવા માટે બે સરકારી સંસ્થાઓ વચ્ચે પરસ્પર ફાયદાકારક શૈક્ષણિક અને સંશોધન-લક્ષી સહકારની સુવિધા આપવાનો છે. આ સહયોગ જટિલ નેશનલ હાઈવે ઓપરેશન અને ડિજિટલ પ્લેટફોર્મમાં સાયબર સિક્યોરિટી ફ્રેમવર્ક અને ફોરેન્સિક વિશ્વસનીયતાને મજબૂત કરવામાં યોગદાન આપશે. MoU હેઠળ, NFSU CCTV, મલ્ટીમીડિયા વિશ્લેષણ, ઓડિયો-વીડિયો વિશ્લેષણ અને ડિજિટલ તેમજ સાયબર ફોરેન્સિક્સ લેબોરેટરીઓ સહિતની અત્યાધુનિક તકનીકોથી સજ્જ પ્રયોગશાળાઓના વિકાસ માટે IHMCL ને તકનીકી માર્ગદર્શન અને સહયોગ પૂરો પાડશે. વધારામાં, યુનિવર્સિટી સાયબર અને ડિજિટલ ફોરેન્સિક્સ, મલ્ટીમીડિયા વિશ્લેષણ અને સંબંધિત ક્ષેત્રોમાં વિશેષ તાલીમ કાર્યક્રમો પ્રદાન કરીને સાયબર સ્થિતિસ્થાપકતા અને પુરાવાની અખંડિતતાને મજબૂત કરવામાં IHMCL ને ટેકો આપશે. MoU મલ્ટી-લેન ફ્રી ફ્લો (MLFF), એડવાન્સ્ડ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ્સ (ATMS), ઓટોમેટિક નંબર પ્લેટ રેકગ્નિશન (ANPR), ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ્સ (TMS) અને વેઈ-ઈન-મોશન (WIM) જેવા ક્ષેત્રોમાં સહયોગ વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરશે. ઓળખાયેલ ક્ષેત્રોમાં સુરક્ષિત કેમેરા-આધારિત ઈમેજિંગ સિસ્ટમ્સ, એક્રિપ્ટેડ ડેટા સ્ટોરેજ અને પુનઃપ્રાપ્તિ, જટિલ એપ્લિકેશનોની સાયબર સિક્યોરિટી સમીક્ષાઓ, પુરાવાની અખંડિતતા અને ફોરેન્સિક વિશ્વસનીયતા, ઈમેજિંગ સચોટતામાં વૈજ્ઞાનિક સુધારો અને સિક્યોરિટી ઓપરેશન્સ સેન્ટર (SOC) સેવાઓ અને ફોરેન્સિક માન્યતા પ્રયોગશાળાઓની સ્થાપનાનો પણ સમાવેશ થાય છે. સાથે જ, બંને સંસ્થાઓ પરસ્પર સંમત ક્ષેત્રોમાં સંયુક્ત સંશોધન, વિકાસ અને કન્સલ્ટન્સી પ્રોજેક્ટ્સ હાથ ધરશે. અમલીકરણ પર દેખરેખ રાખવા અને સમયાંતરે પ્રગતિની સમીક્ષા કરવા માટે દરેક સંસ્થા દ્વારા એક સંયોજક (coordinator) ની નિમણૂક કરવામાં આવશે. આ ત્રણ વર્ષના સમયગાળા માટે માન્ય રહેશે. આ MoU સુરક્ષિત અને મજબૂત ડિજિટલ ઈકોસિસ્ટમ્સને આગળ વધારવા પર NHAI ના ધ્યેયને પ્રતિબિંબિત કરે છે જે દેશભરમાં ઝડપથી વિસ્તરી રહેલા નેશનલ હાઈવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવશે.

# રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી અને કર્ણાટક પોલીસ વચ્ચે આંતરિક સુરક્ષા અને વ્યવસાયિક તાલીમને આગળ વધારવા માટે વ્યૂહાત્મક ભાગીદારી

કમલમ્,

ભારતમાં કાયદા અમલીકરણની કાર્યકારી ક્ષમતાઓ અને શૈક્ષણિક સ્થિતિને મજબૂત બનાવવાના એક મહત્વપૂર્ણ પગલામાં, રાષ્ટ્રીય મહત્વની સંસ્થા, રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (RRU) એ કર્ણાટક પોલીસ સાથે વિશેષ સંશોધન, શિક્ષણ અને તાલીમ કાર્યક્રમોમાં સહયોગ કરવા માટે સત્તાવાર રીતે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કર્યા છે. આ સીમાચિહ્નરૂપ કરાર લાંબા ગાળાના સહયોગ માટે એક ઔપચારિક માળખું સ્થાપિત કરે છે, જે તાજેતરમા RRU અને લદ્દાખ પોલીસ વચ્ચે હસ્તાક્ષર કરાયેલા સમાન સફળ કરારને અનુસરે છે. આ ભાગીદારીનો હેતુ આંતરિક સુરક્ષા અને ફોજદારી ન્યાયના બદલાતા પડકારોનો સામનો કરવા માટે શૈક્ષણિક શ્રેષ્ઠતાને ક્ષેત્ર-સ્તરીય પોલીસિંગ સાથે જોડવાનો છે. કરારના સત્તાવાર હસ્તાક્ષર પહેલા, ઈઈ એ પરિવર્તનકારી સુધારાઓ અને નવા ફોજદારી કાયદા (Transformative Reforms & New Criminal Laws), સ્ટ્રેસ મેનેજમેન્ટ અને ક્લિનિકલ સાયકોલોજીના ક્ષેત્રમાં કર્ણાટક પોલીસના કુલ ૧૪૦ અધિકારીઓ માટે સઘન તાલીમ મોડ્યુલ્સ સફળતાપૂર્વક ચલાવ્યા હતા. આ કાર્યક્રમો ભારતીય ન્યાય પ્રણાલીમાં કાયદાકીય ફેરફારો અને દળના માનસિક કલ્યાણ બંનેને સંબોધવા માટે તૈયાર કરવામાં આવ્યા હતા. હસ્તાક્ષર સમારોહમાં બંને સંસ્થાઓના પ્રતિષ્ઠિત પ્રતિનિધિમંડળે હાજરી આપી હતી. કર્ણાટક પોલીસનું પ્રતિનિધિત્વ ડૉ. એમ.એ. સલીમ, આઈપીએસ (IPS), ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી), અને શ્રી સૌમેન્દુ મુખર્જી, આઈપીએસ (IPS), એડિશનલ ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (એડીજીપી), વહીવટ દ્વારા કરવામાં આવ્યું હતું. યુનિવર્સિટીનું પ્રતિનિધિત્વ આરઆરયુ (RRU) ના વાઈસ ચાન્સેલર પ્રોફેસર (ડૉ.) બિમલ એન. પટેલ; ડૉ. જસબીરકૌર થાધણી, યુનિવર્સિટી ડીન (ઈન્ચાર્જ); મિ. અવિનાશ ખરેલ, ડીન એક્રેડિટેશન એન્ડ એફિલિએશન; અને ડૉ. કાવેરી ટંડન, કેમ્પસ ડાયરેક્ટર (ઈન્ચાર્જ), આરઆરયુ (RRU) ના શિવમોગા કેમ્પસ, કર્ણાટક દ્વારા કરવામાં આવ્યુંહતું. હસ્તાક્ષર પ્રસંગ દરમિયાન, આરઆરયુ (RRU) ના વાઈસ ચાન્સેલર પ્રોફેસર (ડૉ.) બિમલ એન. પટેલ એ હાઈલાઈટ કર્યું હતું કે યુનિવર્સિટી બદલાતા સુરક્ષા પડકારોને પહોંચી વળવા માટે કર્ણાટક પોલીસ કર્મચારીઓને વ્યાપક, ઓન-ડિમાન્ડ સપોર્ટ પૂરો પાડવા માટે પ્રતિબદ્ધ છે. રાજ્યના કાયદા અમલીકરણનું પ્રતિનિધિત્વ કરતા, ડૉ. એમ.એ. સલીમ, આઈપીએસ (IPS), ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) એ કર્ણાટક પોલીસ અને આરઆરયુ (RRU) વચ્ચેના સ્થાયી સંબંધો પર ભાર મૂક્યો હતો. તેમણે નોંધ્યું હતું કે આ એમઓયુ (MoU) નિષ્ણાત જ્ઞાનના વ્યવસ્થિત આદાનપ્રદાનની સુવિધા આપશે, જે યુનિવર્સિટીને અનુરૂપ તાલીમ મોડ્યુલ્સ અને તકનીકી સહાય પૂરી પાડવા માટે સક્ષમ બનાવશે. આ સહયોગથી આરઆરયુ (RRU) ની શૈક્ષણિક કઠોરતા અને કર્ણાટક પોલીસના ક્ષેત્રીય અનુભવનો ઉપયોગ કરીને સુરક્ષા નવીનતા અને વ્યાવસાયિક વિકાસ માટે એક મજબૂત ઈકોસિસ્ટમ બનાવવાની અપેક્ષા છે. આ ભાગીદારી સમગ્ર ભારતમાં ઉચ્ચ ગુણવત્તાયુક્ત સુરક્ષા શિક્ષણ પ્રદાન કરવાના તેના આદેશ પ્રત્યે RRU ની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે. ફોરેન્સિક સાયન્સ, સાયબર સિક્યોરિટી અને ક્રિમિનોલોજીમાં યુનિવર્સિટીની નિપુણતાનો લાભ લઈને, કર્ણાટક પોલીસ તેની તપાસ તકનીકો અને વહીવટી કાર્યક્ષમતાને આધુનિક બનાવવાનું લક્ષ્ય રાખે છે.



# "ઈકોનોમિક સર્વે ભારતીય કૃષિ અને ગ્રામીણ ભારતની શકિતના દસ્તાવેજ રજૂ કરે છે": શ્રી શિવરાજ સિહ ચૌહાણ

## "ગ્રામીણ ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઐતિહાસિક વિસ્તાર": શ્રી શિવરાજ સિંહ ચૌહાણ



કમલમ્,

કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ, તથા ગ્રામીણ વિકાસ મંત્રી, શ્રી શિવરાજ સિંહ ચૌહાણે સોમવારે ઈકોનોમિક સર્વે (આર્થિક સર્વેક્ષણ) પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે સર્વેના ડેટા સ્પષ્ટપણે દર્શાવે છે કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં દેશએ કૃષિ અને ગ્રામીણ વિકાસ બંને મોરચે અભૂતપૂર્વ પ્રગતિ કરી છે.

**કૃષિમાં સતત અને સ્થિર વૃદ્ધિ**

શ્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે છેલ્લા ૫ વર્ષમાં, કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોએ સ્થિર ભાવે સરેરાશ વાર્ષિક ૪.૪% નો વૃદ્ધિ દર નોંધાવ્યો છે, જે વૈશ્વિક સરેરાશ કરતા વધારે છે. નાણાકીય વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૫ ના દાયકા દરમિયાન, કૃષિ ક્ષેત્રે ૪.૪૫% નો દાયકાનો વૃદ્ધિ દર નોંધાવ્યો હતો, જે અગાઉના દાયકાઓની સરખામણીમાં સૌથી વધુ છે, નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬ ના બીજા ક્વાર્ટરમાં પણ, કૃષિ ક્ષેત્રે ૩.૫% નો વૃદ્ધિ દર નોંધાવ્યો છે, જે તેની શક્તિ અને સ્થિતિસ્થાપકતાને પ્રતિબિંબિત કરે છે. કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫ માં, દેશનું અનાજ ઉત્પાદન 357.73 million tonnes ના રેકોર્ડ સ્તરે પહોંચ્યું છે. આ વધારો મુખ્યત્વે ચોખા, ઘઉં, મકાઈ અને 'શ્રી અન્ન' (બરછટ અનાજ) સહિતના બરછટ અનાજના સુધારેલા ઉત્પાદનને કારણે થયો છે. આજે ભારત માત્ર અનાજ ઉત્પાદનમાં આત્મનિર્ભર નથી પરંતુ અનેક પાકોમાં વૈશ્વિક સ્તરે અગ્રણી ભૂમિકા ભજવી રહ્યું છે.

**કૃષિ વૃદ્ધિમાં બાગાયત એક તેજસ્વી પાસા તરીકે ઉભરી આવ્યું**

શ્રી ચૌહાણે જણાવ્યુ હતું કે કૃષિ ગ્રોસ વેલ્યુ એડેડ (GVA) માં લગભગ 33 percen હિસ્સા સાથે, બાગાયત ક્ષેત્ર ભારતીય કૃષિમાં સૌથી તેજસ્વી પાસા તરીકે ઉભરી આવ્યું છે. બાગાયતી ઉત્પાદન નાણાકીય વર્ષ 2013–14 {kt 280.70 million tonnes થી વધીને ૨૦૨૪–૨૫ માં 367.72 million tonnes થયું છે. આ સમયગાળા દરમિયાન, ફળનું ઉત્પાદન 114.51 million tonnes, શાકભાજીનું ઉત્પાદન 219.67 million tonnes, અને અન્ય બાગાયતી પાકોનું ઉત્પાદન 33.54 million tonnes રહ્યું હતું. કેન્દ્રીય કૃષિ મંત્રીએ જણાવ્યું હતું કે ભારત હવે ડુંગળીનું વિશ્વનું સૌથી મોટું ઉત્પાદક બન્યું છે, જે વૈશ્વિક ડુંગળી ઉત્પાદનમાં લગભગ ૨૫ પ્રતિશત ફાળો આપે છે. તે જ સમયે, ભારત શાકભાજી, ફળો અને બટાકાનું વિશ્વનું બીજું સૌથી મોટું ઉત્પાદક છે, જેમાં આ દરેક શ્રેણીમાં વૈશ્વિક હિસ્સો લગભગ ૧૨–૧૩% છે.

**ગ્રામીણ ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો ઐતિહાસિક વિસ્તાર**


ગ્રામીણ વિકાસમાં સિદ્ધિઓ પર પ્રકાશ પાડતા, શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે રસ્તાઓ, આવાસ, પીવાનું પાણી અને ડિજિટલ કનેક્ટિવિટી સહિત ગ્રામીણ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના (PMGSY) હેઠળ, હવે 99.6 percent થી વધુ પાત્ર વસાહતો સર્વ-ઋતુ રસ્તાઓ સાથે જોડાઈ ગઈ છે. તેમણે કહ્યું કે PMGSY ના વિવિધ તબક્કાઓ હેઠળ, લાખો કિલોમીટરના રસ્તાઓ અને હજારો પુલોનું નિર્માણ પૂર્ણ થયું છે. PMGSY-IV હેઠળ, ૧૦,૦૦૦ kilomRres થી વધુ રસ્તાઓના પ્રોજેક્ટ્સ મંજૂર કરવામાં આવ્યા છે, જે જમ્મુ અને કાશ્મીર, છત્તીસગઢ, ઉત્તરાખંડ, રાજસ્થાન, સિક્કિમ અને હિમાચલ પ્રદેશમાં લગભગ ૩,૨૭૦ કનેક્ટિવિટી વગરની વસાહતો માટે આવશ્યક સેવાઓની પહોંચ સુનિશ્ચિત કરશે.

**આવાસ, ડિજિટલ સશક્તિકરણ અને આજીવિકામાં પરિવર્તન**

કેન્દ્રીય મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે 'સૌ માટે આવાસ' ના મિશન હેઠળ, છેલ્લા ૧૧ વર્ષમાં ગ્રામીણ વિસ્તારોમાં 3.70 crore પાકા મકાનો બાંધવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ હેઠળ, 4.14 crore મકાનોનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે, જેમાંથી મોટાભાગના મકાનો પહેલેથી જ મંજૂર થઈ ગયા છે. ડિજિટલ અને તકનીકી પહેલનો ઉલ્લેખ કરતા શ્રી ચૌહાણે કહ્યું કે સ્વામિત્વ (SVAMITVA) યોજના હેઠળ, 3.28 lakh ગામોમાં ડ્રોન સર્વે પૂર્ણ કરવામાં આવ્યો છે અને 2.76 crore પ્રોપર્ટી કાર્ડ આપવામાં આવ્યા છે. ડિજિટલ ઈન્ડિયા લેન્ડ રેકોર્ડ્સ મોડર્નાઈઝેશન પ્રોગ્રામ હેઠળ, ગ્રામીણ વિસ્તારોમાં 99.8 percent જમીન રેકોર્ડનું ડિજિટાઈઝેશન પૂર્ણ થઈ ગયું છે. નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન હેઠળ, 10 crore થી વધુ ગ્રામીણ મહિલાઓ હવે 90 lakh થી વધુ સ્વ-સહાય જૂથો સાથે જોડાયેલી છે. 'લખપતિ દીદીઓ'ની સંખ્યા 2.5 crore ને વટાવી ગઈ છે, જે ગ્રામીણ મહિલાઓના આર્થિક સશક્તિકરણમાં એક મોટી સિદ્ધિ છે. શ્રી ચૌહાણે જણાવ્યું હતું કે આર્થિક સર્વેક્ષણ પ્રતિબિંબિત કરે છે કે કેવી રીતે સતત નીતિગત ધ્યાન, સંસ્થાકીય સુધારાઓ અને લક્ષિત રોકાણોએ કૃષિને મજબૂત કરી છે અને ગ્રામીણ ભારતમાં પરિવર્તન લાવ્યું છે. તેમણે ઉમેર્યું હતું કે આ પરિણામો સમાવેશી વૃદ્ધિ, ખેડૂત કલ્યાણ અને ટકાઉ ગ્રામીણ વિકાસ પ્રત્યે સરકારની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે, જે સુનિશ્ચિત કરે છે કે ભારતની વિકસિત રાષ્ટ્ર બનવાની યાત્રામાં ગામડાઓ કેન્દ્રીય ભૂમિકા ભજવે.

# ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ નોંધાવ્યો

## ઐતિહાસિક બજેટ ફાળવણી, આધુનિક સ્ટેશનો અને વિશ્વ કક્ષાની ટ્રેન સેવાઓ રેલ લેન્ડસ્કેપને બદલી રહી છે



કમલમ્,

ભારતીય રેલવેએ ગુજરાતમાં અભૂતપૂર્વ બજેટ સહાય અને ઝડપી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ સાથે એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે, જે સમગ્ર રાજ્યમાં સુરક્ષિત, આધુનિક અને મુસાફરો કેન્દ્રીત રેલ પરિવહનના નવા યુગની શરૂઆત કરે છે. જેને લઈને કેન્દ્રીય રેલવે, માહિતી અને પ્રસારણ, ઈલેક્ટ્રોનિક અને આઈટી મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવે આજે એક પત્રકાર પરિષદને સંબોધી હતી. કેન્દ્રીય રેલવે મંત્રીએ વર્ચ્યુઅલી પત્રકાર પરિષદને જણાવ્યું હતું કે, ગુજરાત માટે સરેરાશ વાર્ષિક રેલવે બજેટ ફાળવણી ૨૦૦૯–૧૪ દરમિયાન ૫૮૯ કરોડ હતી, જે વધીને ૨૦૨૬–૨૭ ના સમયગાળામાં ૧૭,૩૬૬ કરોડ થઈ ગઈ છે. આ લગભગ ૨૯ ગણો વધારો છે, જે રાજ્યમાં રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી મજબૂત કરવા પ્રત્યે સરકારની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

**માળખાગત સુવિધાઓને વધુ પ્રાધાન્ય**

કેન્દ્રીય રેલવે મંત્રીએ જણાવ્યુ કે, ગુજરાતમાં હાલમાં ૧,૨૮,૭૪૮ કરોડના ના રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પ્રગતિ હેઠળ છે. આ કામોમાં ટ્રેક નિર્માણ, સ્ટેશન પુનઃવિકાસ અને મુખ્ય સુરક્ષા સુધારણાઓનો સમાવેશ થાય છે, જે સમગ્ર નેટવર્કમાં લાંબા ગાળાની ક્ષમતા વૃદ્ધિ અને ઓપરેશનલ કાર્યક્ષમતા સુનિશ્ચિત કરે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, "ડેડિકેટેડ ફ્રેઈટ કોરિડોરનો એક નવો રૂટ વેસ્ટર્ન ફ્રેઈટ કોરિડોર છે, જે દિલ્હી, હરિયાણા, રાજસ્થાન, ગુજરાત અને પંજાબને જોડે છે. આ કોરિડોર સુરતમાં પૂર્વ અને પશ્ચિમ કોરિડોરને જોડશે. સુરતમાં એક જંકશન પણ બનાવવામાં આવશે." કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે, "આ ગુજરાતના પશ્ચિમ કિનારાના બંદરો સાથે જોડાશે. ઉપરાંત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, પશ્ચિમ કોરિડોર, રાજસ્થાન, હરિયાણા, ઉત્તર પ્રદેશ સાથે જોડાશે. ગુજરાતે ૧૦૦% વીજળીકરણ પૂર્ણ કર્યું છે. ૮૭ સ્ટેશનોનું નિર્માણ થઈ રહ્યું છે. અમદાવાદથી મુંબઈ સુધીનો હાઈ-સ્પીડ કોરિડોર બુલેટ ટ્રેન પ્રોજેક્ટ છે. રેલવે મંત્રી વધુમાં જણાવ્યું કે, પ્રગતિ ખૂબ સારી છે. આવતીકાલે, બીજી ટનલનું બ્રેકથ્રુ છે. આવતા વર્ષે, વાણિજ્યિક કામગીરીનું લક્ષ્ય છે. ટીમ સખત મહેનત કરી રહી છે. પ્રધાનમંત્રીનું માર્ગદર્શન સતત પ્રાપ્ત થઈ રહ્યું છે અને સમીક્ષા કરવામાં આવી રહી છે. બુલેટ ટ્રેન પ્રોજેક્ટ દેશ માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. આમાં બાંધકામની નવી પદ્ધતિઓ છે. નવી બાંધકામ ટેકનોલોજી છે. એક અલગ પ્રકારની ટ્રેક ટેકનોલોજી છે."

**અમૃત સ્ટેશન યોજના: સ્ટેશનોનું પરિવર્તન**

અમૃત સ્ટેશન યોજના હેઠળ, ગુજરાતના ૮૭ રેલવે સ્ટેશનોને ૬,૦૫૮ કરોડના કુલ રોકાણ સાથે વ્યાપક પુનઃવિકાસ માટે ઓળખવામાં આવ્યા છે. ૧૯ સ્ટેશનો પર પુનઃવિકાસનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે, જેમાં ડાકોર, હાપા, જામ જોધપુર, મોરબી, ઓખા, પાલીતાણા, પોરબંદર અને અન્ય કેટલાક સ્ટેશનોનો સમાવેશ થાય છે, જેનાથી મુસાફરોની સુવિધાઓ અને સ્ટેશનની સુંદરતામાં નોંધપાત્ર સુધારો થયો છે.

**પ્રીમિયમ ટ્રેનો સાથે ઉન્નત કનેક્ટિવિટી**

ગુજરાતમાં આધુનિક ટ્રેન સેવાઓ શરૂ થવાથી મુસાફરોની સુવિધા અને મુસાફરીની કાર્યક્ષમતામાં મોટો વધારો થયો છે. હાલમાં, રાજ્યમાં આ સેવાઓ ઉપલબ્ધ છે:

૫ વંદે ભારત એક્સપ્રેસ

૧ અમૃત ભારત એક્સપ્રેસ

૧ નમો ભારત એક્સપ્રેસ

આ સેવાઓ મુસાફરોને ઝડપી, સુરક્ષિત અને વધુ આરામદાયક મુસાફરીના વિકલ્પો પ્રદાન કરે છે.

**નેટવર્ક વિસ્તરણ અને ૧૦૦% વીજળીકરણ**

૨૦૧૪ થી, આશરે ૨,૯૦૦ કિ.મી. નવા રેલવે ટ્રેકના નિર્માણ સાથે ગુજરાતના રેલવે નેટવર્કનો ઝડપથી વિસ્તાર થયો છે, જે કેટલાક યુરોપિયન દેશોના કુલ રેલ નેટવર્કની લંબાઈ કરતાં પણ વધુ છે. રાજ્યએ ૧૦૦% વીજળીકરણ (electrification) પણ હાંસલ કર્યું છે, જેમાં 4,005 km રેલ લાઈનોનું વીજળીકરણ કરવામાં આવ્યું છે, જે હરિયાળી અને વધુ ઊર્જા-કાર્યક્ષમ કામગીરીમાં ફાળો આપે છે. વધારામાં, લેવલ ક્રોસિંગ નાબૂદ કરવા માટે ૧,૧૭૭ ફ્લાયઓવર અને અંડરપાસ બનાવવામાં આવ્યા છે, જેનાથી સુરક્ષામાં વધારો થયો છે અને રોડ-રેલ અવરજવર સરળ બની છે.

**કવચ (Kavach) સાથે રેલ સુરક્ષા મજબૂત બનાવવી**

તેના સુરક્ષા-પ્રથમ અભિગમના ભાગરૂપે, ભારતીય રેલવે ગુજરાતમાં સ્વદેશી 'ક્વચ' ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ લાગુ કરી રહી છે. કુલ મંજૂર કરાયેલ ૧,૮૪૨ રૂટ કિલોમીટરની લંબાઈ સામે, ક્વચ પહેલેથી જ ૯૬ રૂટ કિલોમીટર પર તૈનાત કરવામાં આવ્યું છે, જ્યારે ૧,૬૭૪ રૂટ કિલોમીટર માટે કામો અથવા ટેન્ડરો પ્રગતિમાં છે, જે રેલ સુરક્ષાના માપદંડોમાં એક મહત્વપૂર્ણ પ્રગતિ દર્શાવે છે.

વિક્રમી રોકાણ, આધુનિક સ્ટેશનો, પ્રીમિયમ ટ્રેનો, સંપૂર્ણ વીજળીકરણ અને અદ્યતન સુરક્ષા પ્રણાલીઓ સાથે, ભારતીય રેલવે ગુજરાતના ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ અને સામાજિક-આર્થિક વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે.

# શ્રીલંકામાં ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષોનું પ્રદર્શન

## પવિત્ર અવશેષોનું પ્રદર્શન કોલંબોમાં આવેલા ગંગારામાયા મંદિરમાં યોજાશે




## શ્રી આચાર્ય દેવવ્રત ગુજરાતના રાજયપાલ, શ્રી હર્ષ સંઘવી ગુજરાતના નાયબ મુખ્યમંત્રી ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ કરશે

કમલમ્,

ભારત આધ્યાત્મિક સંપર્ક અને સાંસ્કૃતિક રાજદ્વારીનો એક ગહન સંકેત આપવા માટે તૈયાર છે. આ ભારતના પ્રધાનમંત્રી દ્વારા વ્યક્ત કરાયેલા દ્રષ્ટિકોણને અનુસરે છે. તેમણે એપ્રિલ ૨૦૨૫ માં શ્રીલંકાની તેમની મુલાકાત દરમિયાન આ દ્રષ્ટિકોણ રજૂ કર્યો હતો. આ સંકેતમાં શ્રીલંકામાં ભગવાન બુદ્ધના પવિત્ર દેવનીમોરી અવશેષોનુંપ્રદર્શન સામેલ છે. પવિત્ર અવશેષો હાલમાં વડોદરાની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડામાં રાખવામાં આવ્યા છે. તેઓ જાહેર પ્રદર્શન માટે કોલંબો જશે. આ પ્રદર્શન ૪ થી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન યોજાશે. તે ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ પરત આવશે. આ પવિત્ર પ્રવાસ બૌદ્ધ ધર્મના જન્મસ્થાન તરીકે ભારતની સભ્યતાની સનાતન જવાબદારીને રેખાંકિત કરે છે અને ભારત તથા શ્રીલંકા વચ્ચેના ઊંડા આધ્યાત્મિક, સાંસ્કૃતિક અને લોકો-થી-લોકોના સંબંધોને પુનઃપુષ્ટિ આપે છે. પવિત્ર અવશેષો સાથે ગુજરાતના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વ હેઠળનું ભારતનું એક ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિમંડળ તેમજ વરિષ્ઠ સાધુઓ અને અધિકારીઓ જોડાશે. સ્થાપિત પ્રોટોકોલ અને આ અવશેષોને અપાતી પવિત્રતાને ધ્યાનમાં રાખીને, ભારતીય હવાઈ દળના વિશેષ વિમાનમાં સંપૂર્ણ રાજ્ય સન્માન સાથે તેઓ પ્રવાસ કરશે, જે ભારત પોતાના પવિત્ર વારસાને જે આદરપૂર્વક જાળવી રાખે છે તેનું પ્રતિબિંબ છે. પ્રતિનિધિમંડળ શ્રીલંકાની રાજધાની કોલંબોમાં ઔપચારિક, ધાર્મિક અને સરકારી કાર્યક્રમોમાં ભાગ લેશે, જેમાં ભારતના બૌદ્ધ વારસા અને તેના સમકાલીન સાંસ્કૃતિક જોડાણોને ઉજાગર કરતા પ્રદર્શન અને તેની સાથે સંકળાયેલા પ્રદર્શનોનું ઔપચારિક ઉદ્ઘાટન સામેલ છે. પવિત્ર અવશેષોને કોલંબોના આદરણીય ગંગારામય મંદિર ખાતે જાહેર પૂજન માટે સ્થાપિત કરવામાં આવશે, જે દેશની સૌથી પ્રતિષ્ઠિત અને આધ્યાત્મિક રીતે મહત્વપૂર્ણ બૌદ્ધ સંસ્થાઓમાંની એક છે. ઓગણીસમી સદીના અંતમાં પૂજ્ય હિક્કાદુવે શ્રી સુમંગલા નાયક થેરા દ્વારા સ્થાપિત, આ મંદિર પૂજા, શિક્ષણ અને સાંસ્કૃતિક આદાનપ્રદાનના મુખ્ય કેન્દ્ર તરીકે વિકસિત થયું છે, અને આ પ્રદર્શન (exposition) માટે એક યોગ્ય અને ગૌરવપૂર્ણ વાતાવરણ પૂરું પાડે છે. જે રાષ્ટ્રમાં બૌદ્ધ ધર્મ સાંસ્કૃતિક લોકાચાર, ઈતિહાસ અને રોજિંદા જીવનને આકાર આપે છે, ત્યાં આ પ્રદર્શન સમગ્ર શ્રીલંકાના ભક્તોમાં ઊંડો પડઘો પાડશે અને બંને દેશોના સહિયારા બૌદ્ધ વારસાને વધુ મજબૂત કરશે તેવી અપેક્ષા છે. દેવની મોરીના અવશેષો ગુજરાતના અરવલ્લી જિલ્લામાં શામળાજી નજીક આવેલા દેવની મોરી પુરાતત્વીય સ્થળ પરથી પ્રાપ્ત થયા છે, જે અપાર ઐતિહાસિક અને આધ્યાત્મિક મહત્વ ધરાવતું સ્થળ છે. ૧૯૫૭માં જાણીતા પુરાતત્વવિદ્ પ્રો. એસ. એન. ચૌધરી દ્વારા સૌપ્રથમ સંશોધન કરાયેલ આ ઉત્ખનનોએ ઈસ્વીસનના પ્રારંભિક સદીઓ દરમિયાન પશ્ચિમ ભારતમાં બૌદ્ધ ધર્મની સમૃદ્ધિની સાક્ષી પૂરાવતા મહત્વપૂર્ણ બૌદ્ધ સ્થાપત્યો અને અવશેષો શોધી કાઢ્યા હતા. આ અવશેષો માત્ર એક અમૂલ્ય પુરાતત્વીય વારસો જ નહીં, પરંતુ ભગવાન બુદ્ધના કાલાતીત ઉપદેશો -શાંતિ, કરુણા અને સુમેળ- નું જીવંત પ્રતીક પણ છે. દેવનીમોરી સ્તૂપની અંદરથી મળી આવેલ અવશેષ પાત્ર, જે જમીનથી ૨૪ ફૂટ ઉપર સ્થિત છે, તે લીલા શિસ્ટ પથ્થરથી બનેલું છે. બ્રાહ્મી લિપિ અને સંસ્કૃત ભાષામાં આ લેખ કોતરવામાં આવ્યો છે. "દશબળ શરીર નિલાય" - બુદ્ધના શારીરિક અવશેષોનું નિવાસસ્થાન. તેમાં રેશમી વસ્ત્ર અને મણકા સાથે પવિત્ર રાખ અને જૈવિક અવશેષો ધરાવતી તાંબાની પેટી છે. આ પાત્રના ત્રણ ભાગ છે: મુખ્ય ભાગ, જેનો પાયો ૬.૮ ઈંચનો છે, ઊંચાઈ ૨.૯ ઈંચ છે અને તેની કિનારનો વ્યાસ ૪ ઈંચ છે; ઢાંકણ, જેનો વ્યાસ ૬.૭ ઈંચ છે, જાડાઈ ૧.૦૫ ઈંચ છે અને ઊંચાઈ ૦.૭ ઈંચ છે; અને ગોળાકાર ટોચવાળો નોબ, જે ૦.૬૬ ઈંચ ઊંચો છે અને તેનો વ્યાસ ૧.૧ ઈંચ છે. તાંબાની પેટી ઉપર અને તળિયેથી સપાટ હતી, અને તેની ધાર પર ગોઠવાયેલા મંચ પર ઉપરથી સરકીને બરાબર બંધ થતું ઢાંકણ ફીટ થતું હતું. તેમાંથી રેશમી કાપડ, સોનાથી મઢેલી ચાંદી-તાંબાની એક બોટલ, પવિત્ર રાખ સાથેનો કાર્બનિક પદાર્થ, અને આવરણ તરીકે વપરાયેલી કાળી માટી મળી આવી. નાની, કુંભ જેવી, સોનાનો ઢોળ ચડાવેલી શીશી સેંગર પ્રકારનો આધાર, નળાકાર માળખું અને સ્ક્રૂ-પ્રકારના ઢાંકણા સાથે સાંકડો ગળાભાગ ધરાવતી હતી. હાલમાં પવિત્ર અવશેષો ડેસિકેટરમાં સંગ્રહિત છે. અંદર રહેલી વસ્તુનો વધુ ક્ષય અટકાવવા માટે તેને હવાચુસ્ત કાચમાં બંધ કરવામાં આવ્યું છે. અવશેષોને સોનાનો ઢોળ ચડાવેલ ચાંદી-તાંબાની બોટલ અને રેશમી વસ્ત્ર સાથે, તેમની વધુ જાળવણી સુનિશ્ચિત કરવા માટે કપાસના આધાર પર સુરક્ષિત રાખવામાં આવ્યા છે. તેની આધ્યાત્મિક મહત્તા ઉપરાંત, શ્રીલંકામાં દેવની મોરીના પવિત્ર અવશેષોનું પ્રદર્શન ભારતની સાંસ્કૃતિક રાજદ્વારને આગળ ધપાવીને અને તેની લોકો-કેન્દ્રિત વિદેશ નીતિને મજબૂત કરીને એક મહત્વપૂર્ણ રાજદ્વારી હેતુ પૂરો પાડે છે. ભારતે શ્રીલંકા સાથે તેનો સૌથી પવિત્ર બૌદ્ધ વારસો શેર કરીને સમાન શ્રદ્ધા, ઈતિહાસ અને મૂલ્યો પર આધારિત દ્વિપક્ષીય સંબંધોના સંસ્કૃતિગત પાયાને રેખાંકિત કર્યા છે. મૃદુ શક્તિના એક શક્તિશાળી સાધન તરીકે કાર્ય કરતું આ પ્રદર્શન જન-જન સાથેના જોડાણને ગાઢ બનાવે છે, પરસ્પર વિશ્વાસમાં વૃદ્ધિ કરે છે અને સાંસ્કૃતિક અને ભાવનાત્મક ઘેરા પ્રભાવ સાથે ઔપચારિક રાજદ્વારી જોડાણોને પૂરક બને છે. આ ભારતની વૈશ્વિક બૌદ્ધ વારસાના જવાબદાર સંરક્ષક તરીકેની ભૂમિકાની પુષ્ટિ કરે છે અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં પ્રાદેશિક સુમેળને મજબૂત બનાવે છે.

દક્ષિણ એશિયામાં શાંતિ, સ્થિરતા અને સહકારી સહઅસ્તિત્વ માટેના ભારતના દ્રષ્ટિકોણમાં એક મૂલ્યવાન ભાગીદાર તરીકે શ્રીલંકાના સ્થાનને આ વધુ મજબૂત બનાવે છે. શ્રીલંકામાં આગામી પ્રદર્શન વિશ્વ સાથે પોતાની બૌદ્ધ ધરોહરની વહેંચણી કરવાની ભારતની દીર્ઘકાલીન પરંપરાનું વિસ્તરણ છે. તાજેતરના વર્ષોમાં, ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષો થાઈલેન્ડ, મંગોલિયા, વિયેતનામ, રશિયન ફેડરેશન અને ભૂટાન જેવા દેશોમાં સફળતાપૂર્વક પ્રદર્શિત કરવામાં આવ્યા છે, જેણે લાખો ભક્તોને આકર્ષ્યા છે અને લોકોના પરસ્પર સંબંધોને સુદ્રઢ કર્યા છે. શ્રીલંકામાં યોજાયેલું પ્રદર્શન તાજેતરમાં ભારતમાં પિપ્રહવા જ્વેલના પવિત્ર અવશેષોને પરત લાવવામાં આવેલી વ્યાપકપણે ઉજવાયેલી ઘટનાને અનુસરે છે, જેને પ્રધાનમંત્રીએ અમૂલ્ય રાષ્ટ્રીય ખજાનાની ઘર વાપસી ગણાવી હતી. આ પ્રદર્શન દ્વારા, ભારત ભગવાન બુદ્ધના ધમ્મના અહિંસા, કરુણા અને સહઅસ્તિત્વના સાર્વત્રિક સંદેશને ફરી એકવાર રજૂ કરે છે, સાંસ્કૃતિક મુત્સદીગીરી અને વૈશ્વિક સુમેળ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતાને પુનરાવર્તિત કરીને દ્રઢ કરે છે. દેવનીમોરી અવશેષોની શ્રી લંકાની યાત્રા શાંતિના શક્તિશાળી પ્રતીક, વહેંચાયેલા આધ્યાત્મિક વારસાની ઉજવણી, અને સદીઓ જૂના સંસ્કૃતિગત સંબંધો તથા પરસ્પર સન્માનમાં મૂળ ધરાવતી ભારત અને શ્રી લંકા વચ્ચેની વિશેષ અને કાયમી મિત્રતાની પુષ્ટિ સમાન છે.

# નર્મદા જિલ્લામાં ભાજપનું નવું મજબૂત સંગઠ્ઠાત્મક માળખું જાહેર

## જનકલ્યાણ યોજનાઓ છેવાડાના છેવાડા સુધી પહોંચાડવાનો સંકલ્પ




કમલમ્,રાજપીપળા,

નર્મદા જિલ્લા ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નું નવું સંગઠનાત્મક માળખું તાજેતરમાં સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યું હતું. આ અનુસંધાને આજે જિલ્લા કમલમ કાર્યાલય ખાતે યોજાયેલી મહત્વપૂર્ણ બેઠકમાં સંગઠનને વધુ ઘનિષ્ઠ અને મજબૂત બનાવવાનો તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારની જનકલ્યાણકારી યોજનાઓ છેવાડાના છેવાડા સુધી પહોંચાડવાનો મહત્વાકાંક્ષી સંકલ્પ લેવામાં આવ્યો. બેઠકમાં જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી નીલકુમાર રાવ, રાજપીપળા ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ, સહકારી આગેવાન શ્રી ઘનશ્યામભાઈ પટેલ તેમજ માજી મંત્રી શ્રી શબ્દરણભાઈ તડવી સહિત અન્ય વરિષ્ઠ નેતાઓની વિશેષ ઉપસ્થિતિ રહી. કાર્યકર્તાઓને આગામી દિવસોમાં સરકારી યોજનાઓનો વ્યાપક પ્રચાર-પ્રસાર કરી દરેક જન-જન સુધી તેનો લાભ પહોંચાડવાની જવાબદારી સોંપવામાં આવી. "છેવાડાના છેવાડા સુધી સરકારની નીતિઓ અને યોજનાઓ પહોંચે તે અત્યંત જરૂરી છે," એવો સર્વસંમતિથી નિર્ણય લેવાયો. આ ઉપરાંત, ગઈકાલે રજૂ થયેલા કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ને બેઠકમાં આવકાર આપવામાં આવ્યો. વક્તાઓએ બજેટને સર્વસમાવેશક, વિકાસલક્ષી અને ગરીબ તથા મધ્યમ વર્ગ માટે ગેમ-ચેન્જર ગણાવ્યું. બજેટમાં ગરીબો, મધ્યમ વર્ગ, ખેડૂતો, યુવાનો અને મહિલાઓ માટે કરાયેલી વિશેષ જોગવાઈઓ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. "આ બજેટથી છેવાડાના માનવીના જીવનમાં સુખ-સમૃદ્ધિનું નવું અધ્યાય શરૂ થશે," એવી ખાતરી વ્યક્ત કરવામાં આવી. બેઠકમાં જિલ્લા સંગઠનના પદાધિકારીઓ, વિવિધ મોરચા અને પ્રકોષ્ઠના પ્રતિનિધિઓ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા. આ બેઠક નર્મદા જિલ્લામાં ભાજપની ગ્રામીણ સ્તરે વધુ મજબૂત પહોંચ અને વિકાસની નવી દિશા દર્શાવે છે. નવા અને ઉત્સાહી નેતૃત્વ હેઠળ પાર્ટી આગામી સમયમાં જનહિતમાં વધુ સકારાત્મક પરિણામો લાવશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી

# ડાક વિભાગે 'પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ'ની ૧૪૨મી વર્ષગાંઠ ઉજવી, પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવે પોલિસી બોન્ડનું વિતરણ કર્યું

## ભારતની સૌથી જૂની જીવન વીમા સેવા 'પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ' એ ૧૪૨ વર્ષ પૂર્ણ કર્યા, ૧ ફેબ્રુઆરી ૧૮૮૪ના રોજ થઈ હતી શરૂઆત – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ

### પોસ્ટલ લાઇફ ઇન્શ્યોરન્સ આધુનિક યુગમાં આવશ્યક હોવા સાથે નાણાકીય સુરક્ષા અને રોકાણનું એક વિશ્વસનીય માધ્યમ છે – પોસ્ટમાસ્ટર જનરલ કૃષ્ણ કુમાર યાદવ



કમલમ્,

ડાકવિભાગે પત્ર અને પાર્સલ સેવાઓ સાથે-સાથે જીવનવીમાના ક્ષેત્રમાં પણ એક સશક્ત, વિશ્વસનીય અને જનકલ્યાણકારી સંસ્થાના રૂપમાં પોતાની વિશિષ્ટ ઓળખ સ્થાપિત કરી છે. પરંપરાગત સેવાઓથી આગળ વધીને, ડાક વિભાગે દાયકાઓથી જીવન વીમાના ક્ષેત્રમાં સતત સેવાઓ પૂરી પાડી નાગરિકોના જીવનમાં આર્થિક સ્થિરતા, સામાજિક સુરક્ષા અને નાણાકીય સંરક્ષણનો મજબૂત આધાર ઊભો કર્યો છે. ઉપરોક્ત વિચાર ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સના ગૌરવશાળી ૧૪૨મા વર્ષમાં પ્રવેશના અવસરે, તારીખ ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ ક્ષેત્રીય કાર્યાલય, અમદાવાદ ખાતે આયોજિત કાર્યક્રમમાં વ્યક્ત કર્યા. આ અવસરે તેમણે વીમાધારકોને પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ પોલિસી બોન્ડ, પરિપક્વતા દાવા તથા દાવા ચુકવણી સોંપી તેમના સુખી ભવિષ્યની શુભેચ્છા પાઠવી. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણકુમાર યાદવે જણાવ્યું કે જીવન વીમો આધુનિક યુગમાં આવશ્યક હોવા સાથે નાણાકીય સુરક્ષા અને રોકાણનું એક વિશ્વસનીય માધ્યમ પણ છે. ઉત્તર ગુજરાત પરિક્ષેત્રમાં હાલમાં પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ અને ગ્રામિણ પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સની કુલ ૨.૦૮ લાખથી વધુ પોલિસીઓ અમલમાં છે. એક નવીન પહેલ અંતર્ગત ઉત્તર ગુજરાત પરિક્ષેત્રના ૭૦૮ ગામોમાં તમામ પાત્ર વ્યક્તિઓને વીમા આવરી લઈને તેમને 'સંપૂર્ણ વીમા ગ્રામ' તરીકે વિકસાવવામાં આવ્યા છે. ડાકઘરોમાં લોકોની ઉંમર અને જરૂરિયાત અનુસાર જીવન વીમાની વિવિધ યોજનાઓ ઉપલબ્ધ છે, જેમાં સુરક્ષા (આજીવન વીમો), સંતોષ, સુવિધા, સુમંગલ, યુગલ સુરક્ષા તથા ચિલ્ડ્રન પોલિસીનો સમાવેશ થાય છે. ઓછા પ્રીમિયમ અને ઊંચા બોનસ આ પોલિસીઓની વિશિષ્ટતા છે, જે તેને ભારતમાં અન્ય જીવન વીમા સંસ્થાઓથી અલગ ઓળખ આપે છે. બચત લાભ અને જીવન વીમા કવર ઉપરાંત આ પોલિસીઓ ગ્રાહકોને લોન સુવિધા પણ પ્રદાન કરે છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે જણાવ્યું કે પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ સેવાને નવીન ટેક્નોલોજી અપનાવીને ઓનલાઈન બનાવવામાં આવી છે. પોલિસીધારકો માટે ઈ-પીએલઆઈ બોન્ડની સુવિધા પણ ઉપલબ્ધ છે, જે ડિજિલોકર પર ઉપલબ્ધ છે. હવે ડાક વિભાગ દ્વારા પોલિસી બોન્ડ જારી થયા બાદ તરત જ પોલિસી બોન્ડ ડાઉનલોડ કરી શકાય છે. નવીન રીતે, પ્રીમિયમ હવે ઓનલાઈન અને આઈપીપીબી મોબાઈલ એપ્લિકેશન દ્વારા જમા કરી શકાય છે. પોસ્ટમાસ્ટર જનરલ શ્રી કૃષ્ણ કુમાર યાદવે માહિતી આપતાં જણાવ્યું કે પોસ્ટલ લાઈફ ઈન્સ્યુરન્સની શરૂઆત વર્ષ ૧૮૮૪માં ડાક વિભાગના કર્મચારીઓ માટે એક કલ્યાણકારી યોજના તરીકે કરવામાં આવી હતી અને વર્ષ ૧૮૮૮માં તેને ટેલિગ્રાફ વિભાગના કર્મચારીઓ માટે વિસ્તૃત કરવામાં આવી હતી. વર્ષ ૧૮૯૪માં, પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સએ પી એન્ડ ટી વિભાગની મહિલા કર્મચારીઓને એવા સમયમાં જીવન વીમા કવર પૂરું પાડ્યું હતું, જ્યારે કોઈ અન્ય વીમા કંપની મહિલાઓને જીવન વીમો આપતી નહોતી. પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સના લાભ કેન્દ્ર તથા રાજ્ય સરકારોના કર્મચારીઓ, જાહેર ઉપક્રમો, સરકારી સહાય પ્રાપ્ત શૈક્ષણિક સંસ્થાઓ, રાષ્ટ્રીયકૃત બેંકો, સંરક્ષણ સેવાઓ તેમજ અર્ધલશ્કરી દળોના કર્મચારીઓ માટે ઉપલબ્ધ કરાવવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર ૨૦૧૭માં પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સનો લાભ વધારીને વ્યાવસાયિકો (જેમ કે ઈજનેર, ડોક્ટર, બેંકર, વકીલ, આર્કિટેક્ટ, પત્રકાર વગેરે) તેમજ નેશનલ સ્ટોક એક્સચેન્જ (એનએસઈ) અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ (બીએસઈ)માં સૂચિબદ્ધ કંપનીઓના કર્મચારીઓને પણ આપવામાં આવ્યો. તારીખ ૧ ડિસેમ્બર, ૨૦૨૨થી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત કોઈપણ યુનિવર્સિટી/સંસ્થાના તમામ સ્નાતક/ડિપ્લોમા ધારકો પણ પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સનો લાભ લઈ શકે છે.

પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સ અંતર્ગત મળતા લાભોની ચર્ચા કરતાં પ્રવર અધિક્ષક શ્રી ચિરાગ મહેતાએ જણાવ્યું કે રોકાણની સુરક્ષા પર સરકારની ગેરંટી, આવકવેરા ધારા ૮૦ હેઠળ કરમાં છૂટ, દેશના કોઈપણ ડાકઘરમાં પ્રીમિયમ જમા કરવાની સુવિધા તેમજ આગોતરા પ્રીમિયમ પર છૂટ આપવામાં આવે છે. પોલિસી પર બોનસનો દર રૂપિયા ૪૮ પ્રતિ હજારથી લઈને રૂપિયા ૭૬ પ્રતિ હજાર સુધી છે. પોસ્ટલ લાઈફ ઈન્સ્યોરન્સના અંતર્ગત રૂપિયા ૨૦ હજારથી લઈને રૂપિયા ૫૦ લાખ સુધીનો વીમો કરાવવાની સુવિધા દેશભરના ડાકઘરોમાં ઉપલબ્ધ છે. સહાયક નિદેશક શ્રી વી.એમ. વહોરાએ જણાવ્યું કે ભારતીય ડાક વિભાગ દ્વારા લૅપ્સ પોલિસીઓ માટે એક વિશેષ ડ્રાઈવ શરૂ કરવામાં આવી છે. આ ડ્રાઈવ ૧૪ જાન્યુઆરી, ૨૦૨૬થી ૧૪ એપ્રિલ, ૨૦૨૬ સુધી ચાલશે. આ સમયગાળા દરમિયાન, જેમની જીવન વીમા પોલિસીઓ લેપ્સ થઈ ગઈ છે તેવા વીમાધારકોને પોલિસી રિવાઈવ કરાવતા ડિફૉલ્ટ ચાર્જમાં વિશેષ છૂટ આપવામાં આવી રહી છે. આ પહેલનો હેતુ નાગરિકોને તેમની જીવન વીમા પોલિસીઓના લાભો સતત પ્રાપ્ત રહે તે માટે અવસર આપવાનો તેમજ તેમની નાણાકીય સુરક્ષાને વધુ મજબૂત બનાવવાનો છે. આ અવસરે પ્રવર અધિક્ષક શ્રી ચિરાગ મહેતા, ડેપ્યુટી સુપ્રિટેન્ડેન્ટ શ્રી એસ.કે. વર્મા, સહાયક નિદેશક શ્રી વી.એમ. વહોરા, શ્રી અલ્પેશ શાહ, શ્રી રિતુલ ગાંધી, સિનિયર પોસ્ટમાસ્ટર શ્રી પી.જે. સોલંકી, સહાયક લેખા અધિકારી શ્રી ચેતન સૈન, શ્રી રામસ્વરૂપ મંગાવા, સહાયક અધિક્ષક શ્રી જીનેશ પટેલ, શ્રી આર.ટી. પટેલ, શ્રી ચેનકશાહ, શ્રી ભાવિન પ્રજાપતિ, નિરીક્ષિક સુશ્રી પાયલ પટેલ, શ્રી યોગેન્દ્ર રાઠોડ, શ્રી ભાવેશ રાવલ, શ્રી દર્શન શ્રીમાલી, શ્રી દીપક પરમાર, શ્રી ચિરાયુ વ્યાસ સહિત અનેક અધિકારી-કર્મચારીઓ તથા વીમાધારકો હાજર રહ્યા. કાર્યક્રમનું સંચાલન શ્રી અભિષેક પીઠડિયા દ્વારા કરવામાં આવ્યું.

# વેટ્લેન્ડ્સ (ભીની જમીન) માત્ર ઈકોસિસ્ટમનું જ નહીં પરંતુ સમુદાયો, સંસ્કૃતિ અને આજીવિકાનું પણ પોષણ કરે છે: શ્રી ભૂપેન્દ્ર યાદવ

## પરંપરાગત જ્ઞાનની થીમ પર અસોલા ભટ્ટી વન્યજીવ અભયારણ્ય ખાતે વિશ્વ વેટલેન્ડ્સ દિવસ ૨૦૨૬ ની ઉજવણી કરવામાં આવી






કમલમ્,

કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન મંત્રી શ્રી ભૂપેન્દ્ર યાદવે સોમવારે જણાવ્યું હતું કે વેટલેન્ડ્સ માત્ર ઈકોસિસ્ટમનું જ નહીં, પરંતુ સમુદાયો, સંસ્કૃતિ અને આજીવિકાનું પણ પોષણ કરે છે. વિશ્વ વેટલેન્ડ્સ દિવસ ૨૦૨૬ ના અવસરે, મંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે પાણી એ જીવન છે અને વેટલેન્ડ્સ પૃથ્વીની જીવનરેખા છે. શ્રી યાદવે કહ્યું કે ભારતે વેટલેન્ડ સંરક્ષણ પ્રત્યેના તેના અભિગમમાં સમુદાયો અને સંસ્કૃતિને કેન્દ્રમાં રાખ્યા છે. તેમણે નોંધ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના પર્યાવરણ પ્રત્યે સભાન નેતૃત્વ હેઠળ, ભારતનું રામસર નેટવર્ક ૨૦૧૪ માં ૨૬ થી વધીને ૯૮ સાઈટ્સ સુધી વિસ્તર્યું છે. આ વર્ષના વિશ્વ વેટલેન્ડ્સ દિવસની ઉજવણી માટે, મંત્રાલય દ્વારા અસોલા ભટ્ટી વન્યજીવ અભયારણ્ય ખાતે 'વેટલેન્ડ્સ અને પરંપરાગત જ્ઞાન: સાંસ્કૃતિક વારસાની ઉજવણી' થીમ પર એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વેટલેન્ડ્સના મહત્વ અને તેમના સંરક્ષણમાં પરંપરાગત જ્ઞાન અને સમુદાયોની ભૂમિકા પર કેન્દ્રિત હતો. કાર્યક્રમને સંબોધતા, કેન્દ્રીય પર્યાવરણ, વન અને આબોહવા પરિવર્તન રાજ્ય મંત્રી શ્રી કીર્તિ વર્ધન સિંઘે જણાવ્યું હતું કે વેટલેન્ડ્સ માત્ર જળ સંસાધન નથી પરંતુ લોકોના રોજિંદા સામાજિક જીવનમાં પણ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તેમણે કહ્યું કે વેટલેન્ડ્સ સંસ્કૃતિ, તહેવારો અને ધાર્મિક લાગણીઓ સાથે ઊંડાણપૂર્વક જોડાયેલા છે અને પરંપરાગત રીતે એવી જગ્યાઓ હતી જ્યાં બાળકો સહિત લોકો ભેગા થતા અને વાર્તાલાપ કરતા.

મંત્રીએ વેટલેન્ડ સંરક્ષણમાં યુવા પેઢીની વધતી જતી સંડોવણી બદલ ખુશી વ્યક્ત કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પર્યાવરણને માત્ર નિયમો અને કાયદાઓ દ્વારા સુરક્ષિત કરી શકાતું નથી, અને સંરક્ષણ એક લોક ચળવળ બનવું જોઈએ. શ્રી સિંઘે અગાઉ 'X' પરની એક પોસ્ટમાં, ઉત્તર પ્રદેશના ગોંડામાં આવેલા પાર્વતી અરગા પક્ષી અભયારણ્યના પર્યાવરણીય અને સાંસ્કૃતિક મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો, જે વૈશ્વિક મહત્વ ધરાવતી ભારતની ૯૮ રામસર સાઈટ્સમાંની એક છે. મંત્રીએ કહ્યું કે આ વેટલેન્ડ અગણિત સ્થાનિક અને પ્રવાસી પક્ષીઓને ટેકો આપે છે અને સ્થાનિક સમુદાયો માટે ઊંડા વ્યક્તિગત અને સાંસ્કૃતિક મૂલ્ય ધરાવે છે. આ કાર્યક્રમ દરમિયાન પાર્વતી અર્ગા પક્ષી અભયારણ્ય પર એક વિડિઓ ટીઝર પણ લોન્ચ કરવામાં આવ્યું હતું.


આ ટીઝર ઉત્તર પ્રદેશના ગોંડા જિલ્લામાં પક્ષી અભયારણ્યના નાજુક ઈકોલોજીકલ સંતુલન અને તે ટેકો આપતા જીવનના એકબીજા સાથે જોડાયેલા નેટવર્કની ટૂંકી ઝલક આપે છે. દિલ્હીના પર્યાવરણ મંત્રી સરદાર મનજિંદર સિંહ સિરસાએ જણાવ્યું હતું કે વેટલેન્ડ્સ રોજિંદા જીવનમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે, પરંતુ ઝડપી શહેરીકરણ, અતિક્રમણ અને માનવશાસ્ત્રીય પ્રવૃત્તિઓએ તેમના પર ભારે અસર કરી છે.

તેમણે કહ્યું કે દિલ્હી સરકારે આગામી બે વર્ષમાં તેના જળાશયોને પુનર્જીવિત કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. સચિવ (EFCC) શ્રી તન્મય કુમારે જણાવ્યું હતું કે સામુદાયિક સમર્થન વગર પર્યાવરણીય સુરક્ષા શક્ય નથી. તેમણે કહ્યું કે કેન્દ્રીય પર્યાવરણ મંત્રીના નેતૃત્વ હેઠળ, 'વેટલેન્ડ મિત્રો' વેટલેન્ડ્સના સંરક્ષણમાં મહત્વની ભૂમિકા ભજવે છે, જે આસપાસના પર્યાવરણ, સંસ્કૃતિ અને લોકોની આજીવિકા પર સીધી અસર કરે છે. ૨૦૧૪ થી રામસર સાઈટ્સની સંખ્યામાં થયેલા વધારાનો ઉલ્લેખ કરતા શ્રી કુમારે જણાવ્યું હતું કે આ વેટલેન્ડ્સના મહત્વ અને તેમના સંરક્ષણમાં સમુદાયોની ભૂમિકા વિશે વધતી જતી જાહેર જાગૃતિ દર્શાવે છે. કાર્યક્રમની શરૂઆત મહાનુભાવો દ્વારા વેટલેન્ડ્સ, જૈવવિવિધતા અને પર્યાવરણ સંરક્ષણ પર કામ કરતી સંસ્થાઓ અને સંગઠનોના પ્રદર્શનના ઉદ્ઘાટન સાથે થઈ હતી.

આ કાર્યક્રમમાં નવી નિયુક્ત રામસર સાઈટ્સ માટે રાજ્યોનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન, મંત્રાલયે 'કલ્ચરલ વન્ડર્સ ઓફ રામસર સાઈટ્સ' દસ્તાવેજ પણ બહાર પાડ્યો હતો,

જે રામસર સાઈટ્સના ઓછા જાણીતા સાંસ્કૃતિક મહત્વ અને વેટલેન્ડ્સ સાથે જોડાયેલા અમૂર્ત સાંસ્કૃતિક વારસાને જાળવવામાં તેમની ભૂમિકા પર પ્રકાશ પાડે છે. સ્વચ્છતા પખવાડિયા ૨૦૨૫ ના એવોર્ડ્સ નેશનલ મ્યુઝિયમ ઓફ નેચરલ હિસ્ટ્રી, નવી દિલ્હી; બોટનિકલ સર્વે ઓફ ઈન્ડિયા, કોલકાતા; અને ઝૂલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા, કોલકાતાને સ્વચ્છતા પખવાડિયા ૨૦૨૫ દરમિયાન તેમના અનુકરણીય પ્રદર્શનની માન્યતામાં એનાયત કરવામાં આવ્યા હતા. મંત્રીઓએ વેટલેન્ડ સંરક્ષણમાં જાગૃતિ લાવવા અને જાહેર ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે 'વેટલેન્ડ મિત્રો' અને શાળાના બાળકો સાથે વાર્તાલાપ કર્યો હતો. કાર્યક્રમનું સમાપન 'એક પેડ મા કે નામ' પહેલ હેઠળ વૃક્ષારોપણ અભિયાન સાથે થયું હતું, જે પર્યાવરણીય જવાબદારીનો સંદેશ આપે છે. વિશ્વ વેટલેન્ડ્સ દિવસ દર વર્ષે 2 February ના રોજ મનાવવામાં આવે છે. આ દિવસ 2nd February 1971 ના રોજ ઈરાનના રામસર ખાતે વેટલેન્ડ્સ પરના કન્વેન્શન અથવા રામસર કન્વેન્શનના સ્વીકારની યાદ અપાવે છે. ભારત 1st February 1982 ના રોજ આ કન્વેશનનું સહીકર્તા બન્યું હતું. દેશ હવે આંતરરાષ્ટ્રીય મહત્વની ૯૮ વેટલેન્ડ્સ સાથે રામસર સાઈટ્સની સંખ્યામાં એશિયામાં મોખરે છે.

# વડોદરામાં શ્રી મહંત સ્વામીના જન્મોત્સવમાં સહભાગી થતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને શ્રી મોહન યાદવ







**મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ**

- સનાતન સંસ્કૃતિ, સ્વધર્મપરંપરા અને સંતશક્તિએ સદીઓથી માનવજાતને સદમાર્ગે ચાલવાની પ્રેરણા આપી છે
- સ્વધર્મ અને આસ્થાના કેન્દ્રો પર થયેલા આક્રમણો સામે પણ સંતશક્તિ અને વીરોએ સનાતન સંસ્કૃતિને અકબંધ રાખી છે
- સંત, શાસ્ત્ર અને મંદિર, આ ત્રણ આધારસ્તંભો દ્વારા આપણી સંસ્કૃતિ મજબૂત બની છે
- પ્રમુખ સ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજના 'અહમશૂન્ય' જીવનદર્શન શ્રેષ્ઠ છે

**મુખ્યમંત્રી શ્રી મોહન યાદવ**

- ભારતીય સનાતન સંસ્કૃતિને ગુરુ વંદન મહત્તાસભર છે અને દરેક યુગમાં જીવંત રહી છે
- ભારતીય સંસ્કૃતિ અને સનાતન મૂલ્યોને વૈશ્વિક સ્તરે પહોંચાડવાનું કાર્ય પરમ પૂજ્ય ગુરુઓના આશીર્વાદથી શક્ય બન્યું છે

કમલમ્,વડોદરા,

વડોદરામાં બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા (BAPS)ના આધ્યાત્મિક વડા પરમ પૂજ્ય સંત મહંત સ્વામી મહારાજની ૯૨મી જન્મજયંતિ અને તેમની દીક્ષા પૂર્ણ થવાના ૬૯ વર્ષ પૂર્ણ થવાના શુભ અવસરે આયોજિત વિશાળ સત્સંગ કાર્યક્રમમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રી મોહન યાદવ સહભાગી બન્યા હતા. આ અવસરે મુખ્યમંત્રી શ્રી પટેલે સત્સંગને જીવનની દરેક સમસ્યાનું સમાધાન આપતો માર્ગ ગણાવ્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, સનાતન સંસ્કૃતિ, સ્વધર્મ પરંપરા અને સંતશક્તિએ સદીઓથી માનવજાતને સદમાર્ગે ચાલવાની પ્રેરણા આપી છે. સંત, શાસ્ત્ર અને મંદિર, આ ત્રણ આધારસ્તંભો દ્વારા આપણી સંસ્કૃતિ મજબૂત બની છે અને સ્વધર્મ અને આસ્થાના કેન્દ્રો પર થયેલા આક્રમણો સામે પણ સંતશક્તિ અને વીરોએ સનાતન સંસ્કૃતિને અકબંધ રાખી છે. મુખ્યમંત્રીશ્રીએ પ્રમુખ સ્વામી મહારાજ તથા મહંત સ્વામી મહારાજના 'અહમશૂન્ય' જીવનદર્શનને જીવનમાં અપનાવવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. તેમણે પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ. એ.પી.જે. અબ્દુલ કલામજી દ્વારા પ્રમુખ સ્વામી મહારાજ પ્રત્યે દર્શાવાયેલી વિનમ્રતાનો ઉલ્લેખ કરી સંતોની અહમશૂન્યતા જ તેમની સાચી તાકાત હોવાનું જણાવ્યું હતું અને આ ગુણ આપણા જીવનમાં ઉતારવા માટે પ્રેરણા આપી હતી. સોમનાથ મંદિર પર થયેલા આક્રમણના ૧૦૦૦ વર્ષ પૂર્ણ થવાના સંદર્ભમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ઉજાગર કરેલા 'દેવથી દેશ' અને 'રાષ્ટ્રહિત સર્વોપરી'ના મંત્રનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું હતું કે બીએપીએસ સંસ્થાએ પણ આ મંત્રને પોતાના કાર્યમાં આત્મસાત કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, પૂજ્ય સંતોનું પ્રેમ, કરુણા અને સદાચારથી ભરેલું જીવન જ સમાજ માટે જીવંત ઉપદેશ છે. સંત પરમ હિતકારી હોય છે અને તેઓ માનવ કલ્યાણ માટે જીવન સમર્પિત કરે છે. આ સંદર્ભે તેમણે સંત બ્રહ્માનંદ સ્વામીની રચનાનો ઉલ્લેખ કરી સંતોની મહિમા વર્ણવી હતી.

પૂજ્ય મહંત સ્વામી મહારાજના જીવન પર પ્રકાશ પાડતાં શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, તેમનો જન્મ મધ્યપ્રદેશના જબલપુરમાં થયો હતો અને બાળપણથી જ ધાર્મિક સંસ્કાર, સાદગી અને શિસ્ત તેમના જીવનમાં પ્રગટ હતા. કૃષિ વિજ્ઞાનમાં સ્નાતક અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વૈરાગ્યના માર્ગે આગળ વધીને યોગીજી મહારાજના આશીર્વાદથી તેમણે સન્યાસ જીવન અપનાવ્યું અને ગુરુનિષ્ઠાને જીવનનો આધારસ્તંભ બનાવ્યો. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પ્રમુખ સ્વામી મહારાજની કરુણા અને નિષ્કપટતાથી પ્રેરિત મહંત સ્વામી મહારાજ આજે સમગ્ર વિશ્વમાં હરિભક્તોના હૃદયમાં સ્થાન પામ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ વિશ્વભરમાં ૬૦૦થી વધુ મંદિરો, અબુધાબીનું ભવ્ય હિન્દુ મંદિર, અમેરિકા અક્ષરધામ સહિત અનેક આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક કેન્દ્રોનું નિર્માણ થયું છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે મહંત સ્વામી મહારાજનું નેતૃત્વ માત્ર મંદિર નિર્માણ પૂરતું સીમિત નથી. પરંતુ તેઓ માનવ હૃદયમાં સંસ્કાર અને સેવા ભાવનું મંદિર રચે છે. તેમના પ્રેરક સંકલ્પથી ૧૫,૦૦૦થી વધુ બાળકોએ સત્સંગદીક્ષા ગ્રંથ કંઠસ્થ કર્યો છે તેમજ ૩૭૫થી વધુ યુવાન સંતોનું નિર્માણ થયું છે, જે સંસ્કારથી સંસ્કૃતિ તરફ યુવાનોને દોરી જાય છે. બીએપીએસ સંસ્થાએ શિક્ષણ, આરોગ્ય, વ્યસનમુક્તિ અને માનવ સેવા ક્ષેત્રે અદ્વિતીય કાર્ય કર્યું છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના સંકલ્પને વિકસિત ગુજરાત દ્વારા વધુ વેગ મળે તેવી કામના સાથે તેમણે સ્વામિનારાયણ ભગવાન અને પૂજ્ય મહંત સ્વામી મહારાજના આશીર્વાદની પ્રાર્થના કરી હતી. મધ્યપ્રદેશના મુખ્યમંત્રીશ્રી મોહન યાદવે આ અવસરને માત્ર ઉત્સવ નહીં પરંતુ ગુણાતીત ગુરુ પરંપરાના અખંડ પ્રવાહનું જીવંત સાક્ષ્ય ગણાવી મહંત સ્વામી મહારાજને હૃદયપૂર્વક શુભેચ્છા પાઠવી હતી. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શ્રીએ પોતાના સંબોધનમાં ભારતીય સનાતન સંસ્કૃતિમાં ગુરુપરંપરાની મહત્તા પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે ગુરુ વંદન ભારતીય સંસ્કૃતિને દરેક યુગમાં જીવંત રાખે છે. વડોદરામાં યોજાયેલા વિવિધ સાંસ્કૃતિક અને સંસ્કારલક્ષી કાર્યક્રમોની પ્રશંસા કરતા તેમણે કહ્યું હતું કે વિવિધ કાર્યક્રમો દ્વારા બાળકો અને યુવાનોમાં સંસ્કાર, સેવા અને સંસ્કૃતિ પ્રત્યેની જાગૃતિ ઊભી કરવામાં આવી છે, જે અત્યંત પ્રશંસનીય છે.

આ પ્રસંગે મોટી સંખ્યામાં બાળકો દ્વારા ધાર્મિક પાઠ અને સંસ્કારલક્ષી પ્રવૃત્તિઓ રજૂ કરવામાં આવી હતી. શ્રી યાદવે જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશમાં અગાઉ ગીતા પાઠના આધારે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યો હતો, પરંતુ આજે તે રેકોર્ડ તૂટ્યો તેનાથી તેમને વિશેષ આનંદ થયો છે, કારણ કે આ સંખ્યાબંધ બાળકોમાં સંસ્કારના બીજ વાવવાનું કાર્ય મહંત સ્વામી મહારાજની અદભુત સાધનાનો પરિણામ છે. મુખ્યમંત્રી શ્રી યાદવે એ સ્વામિનારાયણ સંપ્રદાય દ્વારા દેશ-વિદેશમાં કરવામાં આવી રહેલા સેવા કાર્યોની વિશેષ પ્રશંસા કરી હતી. શિક્ષણ, આરોગ્ય, સંસ્કૃત પાઠશાળાઓ અને વિશ્વના વિવિધ દેશોમાં મંદિર નિર્માણ દ્વારા ભારતીય સંસ્કૃતિ અને સનાતન મૂલ્યોને વૈશ્વિક સ્તરે પહોંચાડવાનું કાર્ય પરમ પૂજ્ય ગુરુઓના આશીર્વાદથી શક્ય બન્યું હોવાનું તેમણે જણાવ્યું હતું. મધ્યપૂર્વ દેશોમાં દેવસ્થાનોની સ્થાપનાને તેમણે સનાતન સંસ્કૃતિનું જીવંત ચમત્કાર ગણાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રી મોહન યાદવે મહંત સ્વામી મહારાજને દીર્ઘાયુ અને સુખદ સ્વાસ્થ્યની કામના સાથે મધ્યપ્રદેશ સરકાર તરફથી હાર્દિક શુભેચ્છા પાઠવી હતી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે મહંત સ્વામી મહારાજની જન્મશતાબ્દી નિમિત્તે પણ આવો જ ભવ્ય અને દિવ્ય કાર્યક્રમ યોજાશે. આ વેળાએ શ્રી મહંત સ્વામિ મહારાજ અને શ્રી ડોક્ટર સ્વામિએ આશીર્વચન પાઠવ્યા હતા. આ સાથે નૃત્ય નાટિકાઓ, મંત્રગાન સહિતના કાર્યક્રમો યોજાયા હતા. મહાનુભાવો આરતીમાં સહભાગી થયા હતા. પ.પૂ. મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી બી. એ. પી. એસ સંસ્થાના ૩ વર્ષથી ૧૩ વર્ષની વય સુધીના ૧૫,૦૦૦ કરતાં વધુ બાળકોએ સત્સંગદીક્ષા ગ્રંથનો એક વર્ષમાં સંસ્કૃતમાં સંપૂર્ણ મુખપાઠ કર્યો છે. મહંત સ્વામી મહારાજ દ્વારા રચિત ૩૧૫ શ્લોકો ધરાવતો સત્સંગદીક્ષા ગ્રંથ ઉન્નત આધ્યાત્મિક, નૈતિક, સામાજિક, વ્યવહારિક જીવનની પ્રેરણા પૂરી પાડે છે. કોઈ એક સંસ્કૃત ગ્રંથનો, તે ગ્રંથના રચયિતાની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં ૧૫,૬૬૬ બાળ-બલિકાઓએ માત્ર એક વર્ષમાં સંપૂર્ણ ગ્રંથ એટલે કે ૩૧૫ શ્લોકોનો મુખપાઠ કર્યો હોય અને સમૂહગાન કર્યું હોય, તેવી આ ઐતિહાસિક વિરલ ઘટના છે. જેની નોંધ ગિનીઝ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં લેવામાં આવી છે. આ અવસરે અવસરે કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ દ્વારા પાઠવવામાં આવેલા શુભેચ્છા પત્રનું વાંચન કરવામાં આવ્યું હતું.

## સાંકળચંદ પટેલ યુનિવર્સિટીની સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એંજિનિયરીંગનાં (એમ.સી.એ ડીપાર્ટમેન્ટ) વિસનગર દ્વારા રાજ્યકક્ષાની ટેકનિકલ મીટ TechVision–2026 નું ભવ્ય આયોજન



કમલમ્,

વિસનગર સ્થિત સાંકળચંદ પટેલ યુનિવર્સિટી સંલગ્ન સાંકળચંદ પટેલ કોલેજ ઓફ એન્જિનિયરિંગ (એમ.સી.એ. વિભાગ) તથા શ્રી સી.જે.પટેલ કોલેજ ઓફ કોમ્પ્યુટર સ્ટડીઝ (બી.સી.એ.), વિસનગર દ્વારા તા. ૩૧/૦૧/૨૦૨૬ના રોજ રાજ્યકક્ષાની ટેકનિકલ મીટ "TechVision–2026" નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ટેકનિકલ મીટમાં ગુજરાત રાજ્યની વિવિધ બી.સી.એ., બી.એસ.સી. (આઈ.ટી.), એમ.એસ.સી. (આઈ.ટી.), બી.કોમ અને એમ.સી.એ. કોલેજોના ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના મુખ્ય આકર્ષણરૂપે CyberSecu®iy અને Artificial Intelligence ક્ષેત્રે વિશેષજ્ઞ તરીકે શ્રી ચેતન સેલાડિયા (ReComAI) અને શ્રી રોહિત સિંહ (TechDefence) એ પોતાની વિશેષજ્ઞ માહિતી અને ઉદ્યોગસંગત અનુભવ વિદ્યાર્થીઓ સાથે વહેંચ્યો હતો. તેમણે આજના ડિજિટલ યુગમાં AI આધારિત Cyber threat detection and risk analysis અને Career Opportunities વિષયે માર્ગદર્શન આપ્યું હતું.

આ સાથે એમ.સી.એ. વિભાગના ગૌરવસભર Alumni, શ્રી જયમિન પટેલ (Infosys, Pune) – Project & Technology Lead – દ્વારા તેમના વ્યાવસાયિક અનુભવ અને ટેક્નોલોજી ક્ષેત્રે આગળ વધવાની પ્રેરણાત્મક વાતો રજૂ કરવામાં આવી હતી, જે વિદ્યાર્થીઓ માટે વિશેષ પ્રોત્સાહક સાબિત થઈ.

TechVision–2026 ના બીજા સત્રમાં વિવિધ ટેકનિકલ જેમ fu Tech Presentation, Poster Presentation, Code Vila, તેમજ Web Spear યોજાઈ હતી, જેમાં કુલ ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ ટેકનીકલ મીટના ઉદઘાટન સમારંભમાં અધ્યક્ષ તરીકે સાંકળચંદ પટેલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી પ્રકાશભાઈ પટેલ, પ્રોવોસ્ટ ડૉ.પ્રફુલકુમાર ઉદાણી, ડૉ. પિયુષ પટેલ (પ્રિન્સિપાલ, SPCE), ડૉ. ચેતન ચૌધરી (ડાયરેક્ટર, IQAC), ડૉ. તુલસીદાસ નાકરાણી (હેડ, એમ.સી.એ. વિભાગ), ડૉ. મહંમદ ઈદ્રિશ આઈ. સિંધિ (એસોસિએટ ડીન – FCS તથા TechVision–2026ના કોઓર્ડિનેટર) અને ડૉ. એ.બી. જાડેજા (પ્રિન્સિપાલ, બી.સી.એ. કોલેજ) એ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપી કાર્યક્રમની પ્રશંસા કરી હતી. સમાપન સમારંભમાં વિવિધ સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા બનેલા વિદ્યાર્થીઓને ટ્રોફી અને સર્ટિફિકેટ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે આયોજન સમિતિના તમામ ફેકલ્ટી સભ્યો, સંયોજકો અને સ્ટાફગણે ખંતપૂર્વક કામગીરી કરી હતી. આ મીટ નાં કો.ઓર્ડીનેટર ડૉ. મહંમદ ઈદ્રિશ આઈ. સિંધિ, ડૉ. જીતેન્દ દરજી અને શ્રી પિયુષ પટેલ તેમજ અન્ય સ્ટાફ ગણે ખુબ જ ખંત અને ઉત્સાહથી કામગીરી બજાવી આ કાર્યક્રમ ને સફળ બનાવ્યો હતો.

## ધરમપુરનાં ટાંકી ખાતે નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે રૂ. ૪૬.૨૪ લાખના ખર્ચે નિર્માણ થયેલી કન્યા આશ્રમ શાળાનું લોકાર્પણ

### ડીજીવીસીએલ, ગુજરાત ગેસ અને જેટકોના સીએસઆર ફંડમાંથી બનેલા ભોજનાલય અને શેડ તેમજ પ્રોટેક્શન વોલનું પણ લોકાર્પણ કરાયું







**વિદ્યાર્થીઓના સારા અભ્યાસ માટે આશ્રમશાળાનું સારું વાતાવરણ ખુબ મહત્વનું છે - મંત્રીશ્રી કનુભાઈ**

**પ્રધાનમંત્રીશ્રીના વિઝનથી આદિવાસી વિદ્યાર્થીઓ ખુબ આગળ વધી રહ્યા છે - મંત્રીશ્રી નરેશભાઈ**

કમલમ્,વલસાડ

નાણાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના હસ્તે ધરમપુરનાં ટાંકી ખાતે રૂ. ૪૬.૨૪ લાખના ખર્ચે નવનિર્મિત ટાંકી કન્યા આશ્રમશાળાનું આદિજાતિ વિકાસ, ખાદી, કુટિર અને ગ્રામ ઉદ્યોગ અને વલસાડ જિલ્લા પ્રભારી મંત્રીશ્રી નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ આશ્રમશાળાના મકાનની સાથે સાથે ડીજીવીસીએલ, જેટકો અને ગુજરાત ગેસના સીએસઆર ફંડના અનુદાનમાંથી બનેલા ભોજનાલય અને શેડ તેમજ શાળાની પ્રોટેક્શન વોલનું પણ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીઓ અને ઉપસ્થિત મહાનુભાવોએ આશ્રમશાળા અને ભોજનાલયનું વિસ્તારપૂર્વક નિરીક્ષણ કર્યું હતું. મંત્રીશ્રીના હસ્તે સ્વ. મણિભાઈ આર. ચૌધરી વિદ્યાસંકુલમાં સંસ્થાના સ્થાપકશ્રી સ્વ. મણિભાઈ આર. ચૌધરીની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ આશ્રમશાળાના નિર્માણથી અનેક વિદ્યાર્થીઓને સારો અભ્યાસ તેમજ રહેવાની સુવિધા મળી રહે છે. વિદ્યાર્થીઓના અભ્યાસ માટે આશ્રમશાળાનું સારું વાતાવરણ પણ ખૂબ જ મહત્વનું છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યું હતું ત્યારથી આદિવાસીઓના વિકાસ માટે વનબંધુ કલ્યાણ યોજના, સાગરખેડૂ યોજના જેવી અનેકવિધ યોજનાઓની શરૂઆત કરાવી હતી. જેના દ્વારા આજે આદિવાસી વિસ્તારનો ખૂબ જ વિકાસ થયો છે. સરકાર દ્વારા કન્યા શિક્ષણ માટે પણ અનેક શિષ્યવૃતિ યોજનાઓ ચાલી રહી છે. મંત્રીશ્રીએ સ્વ. મણિભાઈ ચૌધરીના કાર્યોને બિરદાવ્યા હતા અને તેમની સાથેના સંસ્મરણો વાગોળ્યા હતા. મંત્રીશ્રી નરેશભાઈ પટેલે આશ્રમશાળાના નવા મકાનના અભિનંદન પાઠવતા કહ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં આશ્રમશાળાઓના વિકાસ માટે આશરે રૂ. ૩૦૦ કરોડથી વધુની ફાળવણી કરવામાં આવી છે. આશ્રમશાળાઓના સારા મકાનો છે તેમજ બાળકો પણ ખુશીથી ભણી રહ્યા છે. સમગ્ર ગુજરાતમાં ૧.૨૪ લાખ વિદ્યાર્થીઓ આશ્રમશાળામાં અભ્યાસ કરી રહ્યા છે. ફૂડ બિલ પણ રૂ.૧૫૦૦ થી વધારી રૂ. ૨૧૬૦ કરવા આવ્યું છે. આદર્શ નિવાસી શાળાઓની શરૂઆત તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પહેલ છે. પ્રધાનમંત્રીશ્રીના વિઝનથી અભ્યાસ ક્ષેત્રે આદિવાસી વિદ્યાર્થીઓ ખૂબ જ આગળ વધી રહ્યા છે. વધુમાં મંત્રીશ્રીએ આશ્રમશાળાના સ્થાપક સ્વ. મણિભાઈ ચૌધરીને યાદ કરતા કહ્યું હતું કે, તેમના સમાજસેવાના મહત્વપૂર્ણ યોગદાનથી આજે ખૂબ જ વિશાળ વટવૃક્ષ ઊભું થયું છે. ધરમપુર ધારાસભ્યશ્રી અરવિંદભાઈ પટેલ અને કપરાડા ધારાસભ્યશ્રી જીતુભાઈ ચૌધરીએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. ગીતા કેળવણી મંડળ સંસ્થાના પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ચૌધરીએ સ્વાગત પ્રવચન કરી સૌને આવકારી સંસ્થાના કાર્યો વિશે વિસ્તૃત માહિતી આપી હતી. કાર્યક્રમમાં વલસાડ ધારાસભ્યશ્રી ભરતભાઈ પટેલ, કપરાડા તાલુકા પંચાયત પ્રમુખ હીરાબેન માહલા, કલેકટરશ્રી ભવ્ય વર્મા, જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોત, ડીજીવીસીએલના ચેરમેન યોગેશ ચૌધરી, જેટકોના ચેરમેન ઉપેન્દ્ર પાંડે, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા, વીઆઈએ પ્રમુખ શૈલેષભાઈ પટેલ, ભૂતપૂર્વ સાંસદશ્રી ડૉ. કે. સી. પટેલ, જિલ્લા અને તાલુકા સંગઠનના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ, આશ્રમશાળાના શિક્ષકો, વિદ્યાર્થીઓ સહિત ખુબ જ મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

## પોરબંદર ખાતે રાજ્યકક્ષાનો બે દિવસીય '૮મો આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનાર' સંપન્ન



કમલમ્,

ગુજરાત ઈકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (GEER) ફાઉન્ડેશન દ્વારા સાંદિપની આશ્રમ, પોરબંદર ખાતે 'વિશ્વ વેટલેન્ડ દિવસ'ના પૂર્વ દિને 'વેટલેન્ડ્સ એન્ડ ટ્રેડિશનલ નોલેજ: સેલિબ્રેટિંગ કલ્ચરલ હેરીટેજ' વિષય પર બે દિવસીય '૮માં આંતરરાષ્ટ્રીય વેટલેન્ડ સેમિનાર-વર્કશોપ' યોજાયો હતો. જેનું ઉદ્ઘાટન વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં પોરબંદર જિલ્લામાં આવેલા ૨૨૫થી વધુ નાના-મોટા વેટલેન્ડ્સ વિસ્તારો અંગે વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. વેટલેન્ડ્સએ માત્ર જળાશયો નથી પણ પૃથ્વીની સુરક્ષા માટે અનિવાર્ય છે, તેથી રાજ્યની શાળાઓમાં 'વેટલેન્ડ ક્લબ'બનાવી નવી પેઢીને પ્રકૃતિ સાથે જોડવા પર મંત્રી શ્રી મોઢવાડિયાએ ભાર મૂક્યો હતો. સેમિનારના બીજા દિવસે યોજાયેલ વર્કશોપમાં સવારે મોકરસાગર વેટલેન્ડ ખાતે ભાગ લેનાર પ્રતિનિધિઓ દ્વારા બર્ડ વૉચિંગ તેમજ મોકર, ગોસા સહિત આસપાસના ગામોના સ્થાનિક સમુદાય સાથે પરસ્પર સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સ્થાનિક ગ્રામજનોએ સક્રિય ભાગીદારી નોંધાવી વેટલેન્ડના સંરક્ષણ માટે અપનાવવામાં આવતી તેમની પરંપરાગત જાણકારી તથા પ્રચલિત પદ્ધતિઓ અંગે અનુભવો રજૂ કર્યા. આ સંવાદ કાર્યક્રમ દ્વારા વેટલેન્ડના સંરક્ષણ અને વ્યવસ્થાપનમાં સ્થાનિક સમુદાયની ભૂમિકા તથા પરંપરાગત જ્ઞાનને વૈજ્ઞાનિક અભિગમ સાથે સંકલિત કરવાની આવશ્યકતા ઉપર ભાર મૂકવામાં આવ્યો.

## ફેશન ડિઝાઈન ક્ષેત્રે વિદ્યાર્થીઓ માટે નવી તક: નૂટન અને ફ્લે પરક વચ્ચે કરાર



કમલમ્,

વિસનગર સ્થિત સાંકલચંદ પટેલ યુનિવર્સિટીના નૂતન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન એન્ડ કમ્યુનિકેશન અને ફ્લેપર૬ ફેશન પ્રા. લિ. (સ્થાપક: શ્રીમતી સોનલ દેસાઈ) વચ્ચે મેમોરેન્ડમ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ MoU પર હસ્તાક્ષર કાર્યક્રમ "ફ્લેપર૬ ફેશન પ્રા. લિ."ના COO ડૉ. શશિકાંત ભગતની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ પ્રસંગે સંકલચંદ પટેલ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર ડૉ. પરિમલ ત્રિવેદી તેમજ નૂટન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઈન એન્ડ કોમ્યુનિકેશનના પ્રિન્સિપલ ઈન્ચાર્જ તથા સંયોજક ડૉ. અખિલેશ કે. ઉપાધ્યાય પણ ઉપસ્થિત રહ્યા હતા. આ વ્યૂહાત્મક સહકાર દ્વારા ઉદ્યોગ અને અકાદમિક ક્ષેત્ર વચ્ચે મજબૂત પુલ બાંધવાનો મહત્વપૂર્ણ પ્રયાસ કરવામાં આવ્યો છે. આ ભાગીદારીના પરિણામે ફેશન અને ડિઝાઈન ક્ષેત્રના વિદ્યાર્થીઓને પ્રાયોગિક તાલીમ, ઉદ્યોગજગતનો વાસ્તવિક અનુભવ અને કારકિર્દી માટે જરૂરી કૌશલ્ય વિકસાવવાની ઉત્તમ તક મળશે. આ સહકાર ભવિષ્ય માટે તૈયાર ડિઝાઈનરો ઘડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે અને શિક્ષણને ઉદ્યોગની જરૂરિયાતો સાથે સંકળશે. યુનિવર્સિટીના પ્રમુખ માનનીય શ્રી પ્રકાશ પટેલ અને પ્રોવોસ્ટ પ્રો. (ડૉ.) પી. એમ. ઉડાણી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા. આ પ્રસંગે ફેકલ્ટી સભ્યો હાજર રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028